| | | | | | |
|---|---|---|---|---|---|
| GJBK010023192025 | | રજૂ તારીખ | ૨૭/૦૬/૨૦૨૫ | | |
| | | નોંધ્યા તારીખ | ૨૭/૦૬/૨૦૨૫ | | |
| | | **ફેંસલ તારીખ** | **૩૦/૦૩/૨૦૨૬** | | |
| | | અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૦ | ૦૯ | ૦૩ |

નામદાર સુપ્રિમકોર્ટનાં **SUOO MOTO WRIT (CRL)NO.(S)**1/2017 તથા ક્રિમિનલ મેન્યુઅલના ચેપ્ટર-**VI** નાં 179 **A** અન્વયેનાં નોટીફિકેશન નં.સી-૨૦૦૧-૯૩, તા. ૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પ્રર્ફોમાં મુજબ

**FORM-A**

**બનાસકાંઠાના મહે. સ્પેશ્યલ (પોકસો) અને બીજા એડીશનલ સેશન્સ જજ**
**શ્રી અમિત જે. કાનાણી સાહેબની કોર્ટ સમક્ષ,**
**મુકામ : પાલનપુર**

## સ્પેશ્યલ (પોકસો) કેસ નંબર : ૧૬/૨૦૨૫

**છાપી પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૫૦૦૯૨૫૦૦૬૫/૨૦૨૫**

**એફ.આઈ.આર.ની વિગતો/ગુન્હો અને પોલીસ સ્ટેશન :-**

| | |
|---|---|
| **પોલીસ સ્ટેશન** | છાપી પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૫૦૦૯૨૫૦૦૬૫/૨૦૨૫ |
| **ગુન્હો** | બી.એન.એસ.ની કલમ-૭૫(૧)(૧)(૨),૩૫૧(૩) તથા પોકસો એકટની કલમ- ૮ અને ૧૨ મુજબ. |
| **તહોમતનાંમાં મુજબ તહોમત** | બી.એન.એસ.ની કલમ-૭૫(૧)(૧)(૨),૩૫૧(૩) તથા પોકસો એકટની કલમ- ૮ અને ૧૨ મુજબ. |
| **ફરિયાદી** | **શ્રી સરકાર**<br>**(મુળ ફરિયાદી)**<br>રહે.માલોસણા, તા.વડગામ, જી.બનાસકાંઠા. |
| **વિ. એડી.પી.પી..** | **શ્રી ડી.એચ. છાપીયા** |
| **આરોપી** | **કિર્તીભાઈ વીરાભાઈ સોલંકી**<br>ઉ.વ. ૫૨, ધંધો - મજુરી,<br>રહે. માલોસણા, તા. વડગામ, જિ. બનાસકાંઠા. |
| **આરોપી તરફે વકીલ** | **શ્રી એન.બી. રાજગોર** |

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોકસો એક્ટ) તથા
બીજા એડી. સેશન્સ જજ, પાલનપુર.

# FORM–B

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | તા. ૦૯/૦૨/૨૦૨૫ ના કલાક ૯–૩૦ થી કલાક ૧૦–૦૦ દરમ્યાન |
| ફરિયાદની તારીખ | તા. ૦૧/૦૩/૨૦૨૫ કલાક ૧૯–૩૦ વાગે પી.આઇ. રૂબરુ |
| ચાર્જશીટની તારીખ | તા. ૨૭/૦૬/૨૦૨૫ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | તા. ૧૧/૦૮/૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | તા. ૦૧/૧૧/૨૦૨૫ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | તા. ૩૦/૦૩/૨૦૨૫ |
| ચુકાદાની તારીખ | તા. ૩૦/૦૩/૨૦૨૫ |
| સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો | તા. ૩૦/૦૩/૨૦૨૫ |

<u>આરોપીની વિગત</u> ::–

| આરોપી નંબર | આરોપી નું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુન્હાનો આક્ષેપ છે. | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુર દાર ? | શું સજા કરી ? | ક્રિ પ્રો. કોડની કલમ ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામનાં કેદી તરીકે રહેલ છે ? |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | ક્રિર્તીભાઇ વીરાભાઇ સોલંકી | ૨૫/ ૦૩/ ૨૦૨૫ | – | બી.એન.એસ. ની કલમ– ૭૫(૧)(૧)(૨), ૩૫૧(૩) તથા પોકસો એકટની કલમ ૮ અને ૧૨ મુજબ | | | |

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોકસો એકટ) તથા
બીજા એડી. સેશન્સ જજ, પાલનપુર.

# FORM–C

## ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ ::–

## (એ) ફરિયાદપક્ષ તરફે ::–

### –:: મૌખિક પુરાવા ::–

| ક્રમ | ફરિયાદપક્ષે તપાસેલ સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧. | ભોગબનનારના પિતાની જુબાની | ૧૦ |
| ૨. | પંચ રૂપેશકુમાર અમરાજી ઠાકોરની જુબાની | ૧૧ |
| ૩. | પંચ હિતેશભાઇ જવાનભાઇ ઠાકોરની જુબાની | ૧૫ |
| ૪. | પંચ જયંતિલાલ નારણભાઇ મેજીયાતરની જુબાની | ૧૭ |
| ૫. | ફરિયાદી/ભોગબનનારની જુબાની | ૧૮ |
| ૬. | ભોગબનનારની માતાની જુબાની | ૨૫ |
| ૭. | પી.એસ.ઓ. મુકેશભાઇ દલજીભાઇની જુબાની | ૨૬ |
| ૮. | ત.ક.અધિકારી હીનાબેન રણછોડભાઇ વાઘેલાની જુબાની | ૨૯ |

## (બી) બચાવપક્ષે સાહેદો જો હો તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧. | ત.ક.અધિકારી ડો. જીગ્નેશકુમાર જીતેન્દ્રભાઇ ગામીતની જુબાની | ૪૨ |

## (સી) કોર્ટ સાહેદોદ જો હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

## ફરિયાદપક્ષ તરફે આંક પડેલા દસ્તાવેજી પુરાવાઓ :–

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું | ૧૨ |
| ૨. | આરોપીની શરીરસ્થિતિનું પંચનામું | ૧૬ |
| ૩. | ફરિયાદ | ૧૯ |

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોકસો એક્ટ) તથા
બીજા એડી. સેશન્સ જજ, પાલનપુર.

| | | |
|---|---|---|
| ૪. | ફરિયાદી/ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર | ૨૦ |
| ૫. | ફરિયાદી/ભોગબનનારના આધાર કાર્ડની નકલ | ૨૧ |
| ૬. | ભોગબનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ નું નિવેદન | ૨૨ |
| ૭. | સુચીપત્ર | ૨૭ |
| ૮. | ઈ–મેઈલ મેસેજ | ૨૮ |
| ૯. | એફ.ટી.પી/વાયરલેશ મેસેજ | ૩૦ |
| ૧૦. | ઈ–મેઈલ મેસેજ | ૩૧ |
| ૧૧. | સરકારી સાહેદ પંચ ફાળવવા બાબતની મા અને મ (પંચાયત) ની કચેરી, વડગામને કરેલ યાદી | ૩૨ |
| ૧૨. | કલમ–૬૩(૪)(સી) નું સર્ટીફીકેટ | ૩૩ |
| ૧૩. | ભોગબનનારનું કલમ–૧૮૩ મુજબનું નિવેદન લેવા બાબતની મહે. જયુડી.મેજી.ફ.ક. શ્રી, વડગામને કરેલ યાદી | ૩૪ |
| ૧૪. | આરોપીના મેડીકલ તપાસણી કરી સર્ટી આપવા બાબતની યાદી | ૩૫ |

**બચાવપક્ષ તરફે આંક પડેલા દસ્તાવેજો ::–**

| અ.નં. | દસ્તાવેજનું નામ | આંક |
|---|---|---|
| ૧. | એટ્રોસીટી કેસ નં. ૯/૨૫ ના કામે એફ.આઈ.આર. ની સર્ટીફાઇડ નકલ | ૪૩ |
| ૨. | એટ્રોસીટી કેસ નં. ૯/૨૫ ના ચાર્જશીટની સર્ટીફાઇડ નકલ | ૪૪ |
| ૩. | આરોપીએ ફરિયાદીના માતા–પિતા સામે આપેલ ફરિયાદની ઝેરોક્ષ નકલ | ૪૫ |
| ૪. | એટ્રોસીટી કેસ નં. ૯/૨૫ ના કામે ફરિયાદી(હાલના કામના આરોપી) નું પોલીસ નિવેદનની ઝેરોક્ષ નકલ | ૪૬ |
| ૫. | એટ્રોસીટી કેસ નં. ૯/૨૫ ના કામે ફરિયાદી(હાલના કામના આરોપી) નું ડી.વાય.એસ.પી. રૂબરુનું વિશેષ નિવેદનની ઝેરોક્ષ નકલ | ૪૭ |
| ૬. | એટ્રોસીટી કેસ નં. ૯/૨૫ ના કામે ફરિયાદી (હાલના આરોપી) ની સારવાર અંગેનું સર્ટીફીકેટ | ૪૮ |
| ૭. | આરોપીને થયેલ ઈજાના ફોટોગ્રાફ | ૪૯ |

**કોર્ટ તરફે આંકે પડેલા દસ્તાવેજો ::–**

| અ.નં. | દસ્તાવેજનું નામ | આંક |
|---|---|---|
| – | – | – |

**<u>નોંધ</u> :–** **નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને ધ્યાનમાં લઇને તેમજ કાયદાની જોગવાઈ અનુસાર આ ચુકાદામાં ભોગબનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલો નથી. પરંતુ તેના નામની જગ્યાએ ''ભોગબનનાર'' એવા શબ્દોનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.**

**–:: ચુકાદો ::–**

**(૧) <u>આરોપી વિરુધ્ધનું તહોમત</u> :–**

ફરિયાદી/ભોગબનનારે તા. ૦૯/૦૨/૨૦૨૫ ના રોજ બનેલ બનાવની તા. ૦૧/૦૩/૨૦૨૫ ના રોજ છાપી પોલીસ સ્ટેશનના પી.આઇ. રૂબરુ ફરિયાદ નોંધાવેલ, જે ફરિયાદ છાપી પો.સ્ટે. ગુન્હા રજી. નં. ૧૧૧૯૫૦૦૯૨૫૦૦૬૫/૨૦૨૫ થી બી.એન.એસ. એકટની કલમ–૭૫(૧)(૧)(૨),૩૫૧(૩) તથા પોકસો એકટની કલમ– ૮ અને ૧૨ મુજબ નોંધવામાં આવેલ.

**(૨) <u>ફરિયાદની વિગત</u> :–**

ફરિયાદી/ભોગબનનાર માલોસણા, તા. વડગામ, જિ. બનાસકાંઠા મુકામે તેણીના મમ્મી–પપ્પા સાથે રહે છે અને તેણીની જન્મ તા. ૧૬/૦૫/૨૦૧૧ ની છે અને તેણીએ ધોરણ–૮ સુધી માલોસણા સરકારી સ્કૂલમાં અભ્યાસ કરેલ અને હાલમાં તેના ઘરે રહે છે. તેઓ ત્રણ ભાઇ બહેન છે જેમાં મોટી ભોગબનનાર, તેનાથી નાની કિંજલબેન અને સૌથી નાનો ભાઇ ક્રિશ છે. તેણીની માતા ઘરકામ કરે છે અને પિતા રીક્ષા ડ્રાઇવીંગ કરે છે.

વધુમાં ફરિયાદ હકીકત મુજબ ફરિયાદીના ઘરની આગળ તેની માતા છેલ્લા બે વર્ષથી ગોળી બીસ્કીટની દુકાન ચલાવે છે, જે દુકાન ઉપર ભોગબનનાર અવાર નવાર બેસે છે. આ દુકાન ઉપર તેમના ગામના કિર્તીભાઇ વિરાભાઇ સોલંકી (આરોપી) અવાર નવાર ગોળી બીસ્કીટ લેવાના બહાને આવતો અને પાછલા ઘણા સમયથી ભોગબનનાર જયારે આ તેમની દુકાન ઉપર બેઠેલ હોય તે સમયે આરોપી તેની દુકાને આવી અને રૂા. ૧૦૦/- ની નોટ આપતો અને તેમાંથી બે પાંચ રૂપીયાની વસ્તુ લેતો હતો અને ભોગબનનાર વધેલા પૈસા તેઓને પાછા આપતી તે સમયે તેણીને કહેતો હતો કે, બાકીના પૈસા તારી પાસે રાખ અને દુકાનમાંથી વસ્તું લેવાના બહાને તેણીના શરીર ઉપર અવાર નવાર હાથ ફેવરતો હતો, જેથી ભોગબનનારે આરોપીને કહેલ કે તમે મારા શરીર ઉપર હાથ ના લગાવો અને વારંવાર અમારી દુકાન ઉપર ના આવો તેમ કહેતાં, આરોપી ભોગબનનારને કહેતો કે સોરી બકા મારાથી ભુલ થઇ ગઇ તારા મમ્મી પપ્પાને આ બાબતની વાત ના કરતી, જેથી ભોગબનનાર શરમના લીધે આ બાબતની વાત તેણીના માતા પિતાને કરતી ન હતી.

વધુમાં, ફરિયાદ હકીકત મુજબ તા. ૦૯/૦૨/૨૦૨૫ ના રોજ ભોગબનનારના માતા પિતા સર્વે સમાજના સમુહ લગ્નમાં પાલનપુર મુકામે ગયેલ હતા અને તેમની દુકાન બંધ હતી અને ભોગબનનાર ઘરે એકલી હતી, તે સમયે આશરે સાડા નવથી દશેક વાગ્યાના અરસામાં તેમના ઘર આગળ તેમનો પાળેલ કુતરો ભસવા લાગતાં ભોગબનનારે બહાર જઇને જોયેલ તો આરોપી તેણીના ઘર તરફ આવેલો અને તેણીને જોઇ તેણીના ઘરમાં આવવા જતાં ભોગબનનાર દોડીને ઘર બહાર નીકળી ગયેલ હતી. જેથી આરોપીએ તેણીને કહેલ કે હું તારા ઘરે આવ્યો છું તેની વાત તારા માતા પિતાને કરીશ તો હું તેઓને જાનથી મરાવી નાખીશ

તેવી ધમકી આપેલી, અને તે પછી ભોગબનનારના માતા પિતા ઘરે આવતાં ભોગબનનારે આ બાબતની વાત તેઓને કરતાં તેણીના પિતાએ આરોપીના ભાઇ ભરતભાઇ વિરાભાઇ સોલંકી તથા દિનેશભાઇ મઘાભાઇ સોલંકી તથા કાન્તીભાઇ મઘાભાઇ સોલંકી તમામ રહે. માલોસણા, તા. વડગામ વાળાઓને વાત કરતાં, તેઓએ કહેલ કે અમોને આ બાબતે કોઇ વાત કરવી નહી તમારે જે કરવું હોય તે કરો. જેથી ફરિયાદી/ભોગબનનારે તેમની બદનામીના ડરથી આજદિન સુધી ફરિયાદ કરવા આવેલ ન હતા પરંતું આરોપી તેની હરકતો સુધારતા ના હોય તા. ૦૧/૦૩/૨૦૨૫ ના રોજ ભોગબનનાર તેના પિતા સાથે છાપી પો.સ્ટે. આવી છાપી પો.સ્ટે. ના પી.આઇ. રૂબરુ આરોપી વિરૂધ્ધ ફરિયાદ નોંધાવેલ.

## (૩) <u>પોલીસ તપાસ અને ચાર્જશીટ</u> :-

આ કામના ફરિયાદી/ભોગબનનાર એ ઉપરોકત મતલબની ફરિયાદ છાપી પો.સ્ટે. ના પી.આઇ. રુબરુ નોંધાવતાં, છાપી પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. એ સદર ફરિયાદ આધારે આરોપી સામે ગુનો રજીસ્ટર કરી, ગુનાની તપાસ તપાસ કરનાર અમલદાર શ્રીને સોપતાં, પોલીસ તપાસ અંગેની કાર્યવાહી ચાલુ થયેલી હતી. જે અન્વયે તપાસને આનુસંગીક જરુરી બધી જ કાર્યવાહી કરવામાં આવેલી. ત.ક.અધિકારીશ્રી તરફથી તપાસના અંતે **બી.એન.એસ.એસ.ની કલમ-૧૯૩** હેઠળ આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરવા જેટલો પુરાવો હોવાનું જણાઇ આવતાં, આરોપી વિરુધ્ધ અત્રેની સ્પેશ્યલ કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ, જેને **સ્પેશ્યલ (પોકસો) કેસ નં. ૧૬/૨૦૨૫** થી રજીસ્ટરે નોંધવામાં આવેલ.

(૪) **<u>કેસની સ્પેશ્યલ કોર્ટ સમક્ષની કાર્યવાહી</u> :–**

ત્યારબાદ આ કામના આરોપીને સમન્સ બજતાં તેમના વકીલશ્રી મારફતે હાજર થતાં, તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપી **બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૧(૧)(બી)** હેઠળ આરોપી વિરુધ્ધ તા. ૧૧/૦૮/૨૦૨૫ ના રોજ બી.એન.એસ. ની કલમ ૭૫(૧)(૧)(૨),૩૫૧(૩) તથા પોકસો એકટની કલમ – ૮ અને ૧૨ મુજબના સજાને પાત્ર ગુના કર્યાના તહોમત સબબ આંક–૦૭ થી તહોમતનામું ફરમાવી, સદર **કાયદાની કલમ–૨૫૧(૨)** હેઠળ તહોમતનામું આરોપીને વાંચી સંભળાવી સમજાવવામાં આવેલ છે, અને આંક–૦૮ થી આરોપીનું નિવેદન નોંધવામાં આવેલ, જેમાં આરોપીએ ગુનાના આક્ષેપો કબુલ કરેલ ન હોઇ, તેથી **બી.એન.એસ.એસ. ની કલમ–૨૫૩** અન્વયે ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા પાત્ર હોઇ, ફરિયાદપક્ષે નીચે મુજબ લેખિત અને મૌખિક પુરાવો રજુ કરેલ છે.

(૫) ફરિયાદપક્ષે ઉપરોકત ફોર્મ નં. સી મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે .

(૬) **<u>આરોપીનું વિશેષ નિવેદન</u> :–**

સદર કામે ફરિયાદપક્ષ તરફે વિ. એડી. પી.પી. શ્રી ધ્વારા **આંક. ૫૦** થી પુરાવા બંધ પુરસીશ રજુ થતાં પુરાવો બંધ કરેલ છે. ફરિયાદપક્ષનો પુરાવો પુર્ણ થતાં, આરોપીનું **બી.એન.એસ.એસ. ની કલમ–૩૫૧** અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવતાં, આરોપીએ તેઓની સામે નીકળી આવતાં સંજોગોનો ઇન્કાર કરી વિશેષ જવાબમાં જણાવેલ છે કે, તેઓને ફરિયાદીનું કુતરુ કરડેલ હતું જેથી ભોગબનનારના માતા પિતાએ માર મારેલો જેની ફરિયાદ કરેલી જેમાં સમાધાન ના કરતાં હાલનો ખોટો કેસ કરેલ છે તેમ જણાવેલ છે. આરોપી તરફે સાહેદ તપાસેલ છે અને

દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જે ફોર્મ –સી મુજબના છે.

## (૭) <u>પક્ષકારો તરફેની દલીલો</u> :–

### (એ) <u>ફરિયાદપક્ષે વિદ્યવાન એ.પી.પી. શ્રીની દલીલો</u> :–

ફરિયાદપક્ષ તરફે વિ . એડી.પી.પી. શ્રી ડી.એચ. છાપીયાને સાંભળ્યા. તેઓની મૌખિક દલીલો આ કેસમાં રજુ થયેલ ફરિયાદપક્ષના સાહેદોના સોગંદ ઉપરના પુરાવાઓની હકીકતો તરફ તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓની હકીકત તરફ અત્રેની કોર્ટનું ધ્યાન દોરીને કરેલી છે અને આ કેસમાં ફરિયાદી, ભોગબનનાર તથા સાહેદોના પુરાવાથી ફરિયાદપક્ષ આરોપી વિરુધ્ધનો પોતાનો કેસ નિ:શંક પણે પુરવાર કરવામાં સફળ થયેલ છે. આરોપીએ ફરિયાદી/ભોગબનનાર જે સગીર વયની હોવાનું જાણવા છતાં ભોગબનનાર તેની દુકાન ઉપર બેઠેલ હોય ત્યારે અવાર નવાર કોઇને કોઈ વસ્તુ લેવાના બહાને દુકાને જઇ ભોગબનનારના શરીર ઉપર અવાર નવાર હાથ ફેરવી અડપલા કરી તેમજ તા. ૦૯/૦૨/૨૦૨૫ ના રોજ ભોગબનનાર તેના ઘરે એકલી હતી ત્યારે તેના ઘરે જઇ આ બાબતની વાત કોઇને કરીશ તો તારા માતા પિતાને જાનથી મારી નાખીશ તેવી ધમકીઓ આપી ગંભીર પ્રકારનો ગુન્હો આચરેલ હોવાના સ્પષ્ટ આક્ષેપો કરેલા છે, અને તેથી આ કેસના આરોપીને તકસીરવાન ઠરાવીને તેમને કાયદાથી નિયત કરવામાં આવેલ મહત્તમ સજા કરવા માટે દલીલ કરેલ છે.

### (બી) <u>બચાવપક્ષે વિધ્વાન વકીલશ્રીની દલીલો</u> :–

આરોપી તરફે વિ. વકીલ શ્રી એન.બી. રાજગોર એ દલીલ કરેલ છે કે, આ કામે કહેવાતો બનાવ તા. ૦૯/૦૨/૨૦૨૫ ના રોજ બનેલ હોવાનું જણાવેલ છે જયારે તેની ફરિયાદ તા.

૦૧/૦૩/૨૦૨૫ ના રોજ યાને કે ૨૦ દિવસ બાદ આપેલી છે અને તે અંગેનો કોઇ વ્યાજબી ખુલાસો કરવામાં આવેલો નથી. બનાવવાળા ઘરની આગળના રોડથી ગામના લોકો તથા અન્ય લોકોની સતત અવર જવાર ચાલુ રહે છે તેમજ ટુ–વ્હીલર અને ફોર–વ્હીલર સાધનોની અવર જવર સતત ચાલુ રહે છે અને જો આ રીતે કોઇ બનાવ બનેલ હોય તો બીજા લોકો પણ ભેગા થઇ ગયેલ હોય પરંતુ આવા કોઇ સાહેદોના નિવેદન આ કામે લેવામાં આવેલ નથી. ફરિયાદીનો કુતરો આરોપીને ભસતો હોય અને જેટલી વખત ફરિયાદીના ઘર આગળથી નીકળે ત્યારે કુતરો તેને ભસવા લાગતો  જેથી આરોપીએ ફરિયાદી અને તેના ઘરવાળા ઓની ગેરહાજરીમાં કુતરાને લાકડી વડે માર મારેલો તેમજ આરોપીને કુતરાએ બટકુ ભરેલુ. આરોપીએ કુતરાને માર મારતાં ફરિયાદીના ઘરવાળા તેને ઠપકો આપવા ગયેલા અને આરોપીને માર મારેલો જેથી આરોપીએ ફરિયાદીના પિતા અને માતાની વિરૂધ્ધમાં માર માર્યા તેમજ એટ્રોસીટી અન્વયેની ફરિયાદ આપેલી જેની અદાવતમાં હાલનો આ ખોટો બનાવ ઉભો કરી ખોટી ફરિયાદ આપેલી છે. આરોપીએ કોઇ ધમકી આપેલ હોય તેવો પણ કોઇ પુરાવો નથી. આરોપીએ ભોગબનનારની છેડતી કરેલ હોય તેવો પણ શંકા રહીત કોઇ પુરાવો નથી.  બનાવ સમયે ભોગબનનારની ઉંમર ૧૮ વર્ષ કરતાં ઉપરની હતી અને ભોગબનનારની સગીર વયની ઉંમર હોવા બાબતે કોઇ પુરાવો રજુ થયેલ નથી. ત.ક.અધિકારીનો પુરાવો જોતાં બનાવ અગાઉ આરોપીએ ભોગબનનારનો પીછો કરેલ હોય અને રેકી કરેલ હોય અને તેની છેડતી કરેલ હોય તેવું તપાસમાં ખુલવા પામેલ નથી કે તે બાબતની કોઇ ફરિયાદ કે અરજી બનાવ અગાઉ કયારેય આવેલ નથી. ભોગબનનારના માતા પિતા સિવાય અન્ય કોઇ વ્યકિતઓની પુછપરછ ત.ક.અધિકારીએ કરેલ નથી. કોઇ સ્વતંત્ર

સાહેદોને આ કામે તપાસવામાં આવેલ નથી. વધુમાં, ભોગબનનારની ઉંમર બાબતે કોઇ પુરાવો રજુ થયેલ નથી. ભોગબનનાર પોતાની ઉંમર જણાવતા હોય તેટલા માત્રથી ભોગબનનારની ઉંમર પુરવાર થઇ શકે નહી. આંક. ૨૦ થી રજુ જન્મ પ્રમાણપત્ર તે માત્ર આંક પડવાથી પુરવાર થયેલ ગણાય નહી. ભોગબનનારની ઉંમરનો કોઇ પુરાવો નથી. આમ, ફરિયાદ પક્ષે રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો આરોપી સામે ફરમાવેલ તહોમતનામું રજુ થયેલ પુરાવાથી મહત્વનો વિરોધાભાષ આવેલ હોઇ અને ભોગબનનારની ઉંમર બાબતે પણ ફરિયાદપક્ષે નિ:શંક પણે પુરવાર કરેલ ન હોઇ, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

**(૮) કેસના ન્યાયિક નિર્ણય અર્થના મુદા અને તેનો જવાબ :-**

**(એ)** આ કેસના નિર્ણય અને નિકાલ માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**૧.** શું ફરિયાદપક્ષ એ હકીકત નિ: શંક પણે પુરવાર કરે છે કે, બનાવ સમયે તા. ૦૯/૦૨/૨૦૨૫ ના રોજ ભોગબનનાર સગીર વયના હતા ?

**૨.** શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંક પણે પુરવાર કરે છે કે, આરોપીએ અવાર નવાર સગીર વયની ભોગબનનાર/ ફરિયાદીની દુકાને કોઇ વસ્તુ લેવાના બહાને આવી સગીર વયની ભોગબનનારના શરીર ઉપર અવાર નવાર હાથ ફેરવી તેમજ તા. ૦૯/૨/૨૦૨૫ ના રોજ ફરિયાદી/ ભોગબનનાર તેના ઘરે એકલી હતી ત્યારે તેની એકલતાનો લાભ લઇ આરોપીએ ફરિયાદીના ઘરે જતાં ફરિયાદીના ઘરે પાળેલ કુતરો ભસવા લાગતાં ફરિયાદી બહાર નીકળી જઇને જોયેલ તો આરોપી તેના ઘર તરફ આવતાં અને ભોગબનનરાને જોઇ તેણીના ઘરમાં આવવા જતાં ભોગબનનાર દોડીને ઘર બહાર નીકળી ગયેલ, જેથી આરોપીએ તારા ઘરે આવ્યો છું તેની વાત

તારા માતા પિતાને કરીશ તો હું તેઓને જાનથી મરાવી નાખીશ તેવી ધમકી આપી, ભોગબનનાર સગીર વયની હોવાનું જાણવા છતાં તેણીની છેડતી કરી, તેના માતા પિતાને જાનથી મારી નાખવાની ધમકી આપી બી.એન.એસ. ની કલમ – ૭૫(૧)(૧)(૨), ૩૫૧(૩) તથા પોકસો એકટની કલમ ૮ અને ૧૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**૩.** શું અંતિમ હુકમ ?

(બી) ઉપરોકત મુદાઓની હવે પછી તુરત ચર્ચા કર્યાના આધારે અમારો નિર્ણય નીચેના કારણોસર નીચે મુજબ છે.

૧. હકારમાં,

૨. હકારમાં,

૩. આખરી હુકમ મુજબ.

**<u>પુરાવાના મુલ્યાંકનના સર્વ સામાન્ય સિધ્ધાંત</u> :–**

(૯) ફરિયાદપક્ષના પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલાં અત્રે ઉલ્લેખનીય છે કે, ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપી વિરૂધ્ધનો ગુનો જયા સુધી નિ:શંક પણે પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવું કાયદાનું અનુમાન છે. સાથે સાથે એક એવું પણ અનુમાન છે કે જે સાહેદ વિટનેશ બોક્ષમાં આવી કોર્ટ રૂબરુ સોગંદ ઉપરનોપુરાવો આપે છે તે સત્યહકીકત જણાવે છે. પુરાવાનું મુલ્યાંકન કરવા અંગેની કાયદામાં કોઇ ચોકકસ માર્ગદર્શિકા નથી, પરંતું દરેક કેસના અનેહકીકતના સંદર્ભે રજૂ થયેલા પુરાવાનું મૂલ્યાંકન કરવાનું રહે છે.

(૧૦) નામદાર સુપ્રિમકોર્ટે **<u>લાલબહાદુર વિ. સ્ટેટ (એન.સી.ટી.) દિલ્હી, ૨૦૧૩ (૪) એસ.સી.સી. પાન નં. ૫૫૭</u>** તેમજ **<u>ભરવાડ ભોગીનભાઇ હિરજીભાઇ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૧૯૮૩(૩)</u>**

**<u>એસ.સી.સી. પાન નં. ૨૧૭</u>** વાળા ચુકાદાથી પુરાવાના મૂલ્યાંકન સંબંધેના પ્રતિપાદિત કરેલ માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લીધેલ છે, જે મુજબ પુરાવાનું મૂલ્યાંકન કરતીવખતે અદાલતે સાહેદોના ભણતર, સામાજિક મોભો, સામાજિક પરિસ્થિતિ, બૌધ્ધિક સ્તર વિગેરે બાબત ધ્યાને લઈ તેના પુરાવાનું મૂલ્યાંકન કરવાનું હોય છે. કારણ કે, દરેક સાહેદની યાદદાસ્ત અને બનાવ સંદર્ભે નિરિક્ષણ કરવાની ક્ષમતા અલગ અલગ હોય છે. તેથી સાહેદ ટેપ રેકોર્ડરની જેમ તમામ વખતે એકજ પ્રકારના ઉચ્ચારણો કરે તેવી અપેક્ષા રાખી શકાય નહી. મોટાભાગે શબ્દસહ પુન:ઉચ્ચારણો કોઈ સાહેદ કે વ્યકિત ધ્વારા સમયાંતરે કરવું મુશ્કેલ હોય છે. જેથી કયારેક સામાન્ય વિરોધાભાષ પુરાવામાં મળતો હોય છે, પરંતું આ વિરોધાભાષ કેસના ગુણદોષને અસર કરતા ન હોય તો તે ફરિયાદપક્ષના કેસને ઘાતક બનતા નથી, અને આવા સામાન્ય વિરોધાભાષ અદાલતે અવગણવાના રહે છે, પરંતું મહત્વના વિરોધાભાષ કે જે કેસના ગુણદોષને અસર કરતા હોય ત્યારે તે ધ્યાને લેવાના હોય છે તેમજ ક્રિમિનલ ટ્રાયલમાં અદાલતે માત્ર આરોપીનું જ હિત જોવાનું નથી પરંતું ગુનામાં ભોગબનનાર અને સમાજનું હિત તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે બાબત પણ ધ્યાને લેવાની હોય છે. માત્ર નિર્દોષ માણસને ગુનેગાર ઠરાવી શકાય નહી તેવા સંજોગો ધ્યાને રાખવા ઉપરાંત અદાલતે ફોજદારી ટ્રાયલ વખતે એ બાબત પણ ધ્યાને લેવી જોઈએ કે, દોષિત માણસ ગુન્હામાંથી છટકી ના જાય. આમ, નિર્દોષ વ્યકિત દોષિત ના ઠરે, સાથે સાથે દોષી વ્યકિતને પણ લાભ ન મળે તે જોવાની અદાલતની ફરજ છે. ઉપરોકત સિધ્ધાંત નામદાર સુપ્રિમકોર્ટ **<u>અંબીકા પ્રસાદ વિ. સ્ટેટ (દિલ્હી), રીપોર્ટેડ ઇન ૨૦૦૦ (એસ.સી.સી.), પાન નં. ૬૪૬</u>** થી પ્રતિપાદિત કરેલ છે.

(૧૧) ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે વિશ્વસનિય અને નિ:શંક પુરાવા રજુ કરવાના રહે છે. અદાલતને સાક્ષીઓની સંખ્યા સાથે નિસ્બત નથી પરંતું ગુણવત્તાયુકત પુરાવા ધ્યાને લેવાના રહે છે. જયારે રજુ થયેલ પુરાવા યોગ્ય અને વિશ્વસનિય જણાતા હોય અને તે આરોપીના દોષ તરફ નિર્દેશ કરતા હોય ત્યારે પ્રોસિકયુશનના પુરાવા સ્વીકારી, આરોપીને દોષી ઠરાવી શકાય છે. જયારે નિ:શંક પુરાવો ફરિયાદપક્ષ તરફથી રજુ થયેલન હોય ત્યારે તેમજ રજુથયેલ પુરાવામાંથી બે પ્રકારની સંભાવના ઉદ્દભવતી હોય, તે સંજોગોમાં આરોપી શંકાનો લાભ મેળવવા હકદાર બને છે. આ તમામ બાબતો ધ્યાને લઈ અદાલતે પુરાવાનું મૂલ્યાંકન કરવાનું રહે છે. અને તે મુજબ આ કામે રજુ થયેલ પુરાવાનું મૂલ્યાંકન પાયાના સુસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લઇને કરવામાં આવેલું છે.

(૧૨) વિશેષમાં, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે ફોજદારી કેસમાં ફરિયાદપક્ષે આરોપી સામે મુકવામાં આવેલ આક્ષેપ પ્રમાણેનો કેસ સચોટ, નકકર, માનવાલાયક, વિશ્વસનિય અને શંકારહિત રીતે પુરવાર કરવાનો હોય છે, માત્ર અનુમાન, ધારણા, શકયતા અને સંભાવનાઓ આધારે ફરિયાદપક્ષનો કેસ સાબિત થયેલ માની શકાય નહી, તેમજ કેસમાં બે પ્રકારના પુરાવા હોય તો કોર્ટે આરોપીના લાભનો પુરાવો ધ્યાનમાં લેવો જોઈએ. સાથે સાથે એ પણ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફરી ગયેલા સાક્ષીનાં પુરાવાની અવગણના કરી શકાય નહી. પક્ષકારો તેમને અનુકુળ હોય તેવી જુબાનીની હકીકત પોતાના કેસ માટે રજુ કરી શકે છે, પરંતું કોર્ટે સભાનતાપુર્વક જુબાનીનું મૂલ્યાંકન કરવું જરૂ છે. હવે ઉપરોકત પરીપ્રેક્ષ્યમાં આ કેસમાં આરોપી સામે ફરમાવેલ તહોમતનામાં પ્રમાણેનાં ગુના ફરિયાદપક્ષ નિ:શંક પણે પુરવાર કરી શકેલ છે કે કેમ ? તેનો નિર્ણય કરવાનો રહે છે.

<u>મુદ્દા નં. ૧</u> :–

(૧૩) હાલના આરોપી વિરૂધ્ધ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ સેકસુઅલ ઓફેન્સ એકટ (પોકસો એકટ), ૨૦૧૨ ના ગુન્હાઓ સબબનું તહોમત ફરમાવવામાં આવેલ છે, જે તહોમત મુજબના આક્ષેપિત ગુન્હાની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે સૌપ્રથમ ભોગબનનાર પોકસો એકટની કલમ–૨(ડી) મુજબ ૧૮ વર્ષથી નીચેની વયના સગીર બાળકી હતાં કે કેમ ? તે સાબિત કરવાનું રહે.

(૧૪) ઉપરોકત વિગતે આ કામના આરોપી સામે પોકસો એકટની જોગવાઈ મુજબનો ગુન્હો દાખલ થયેલ છે, તે અંગે કાયદાકીય જોગવાઈ જોવામાં આવે તો, પોકસો એકટની કલમ, ૨૦૧૨ ની કલમ–૨(૧)(ડી) માં "**Child**" એટલે કે ''**બાળક**'' ની વ્યાખ્યા આપવામાં આવેલ છે અને તે મુજબ અઢાર વર્ષથી ઓછી ઉંમર ધરાવતી વ્યકિતનો સમાવેશ સદર કાયદા હેઠળના ગુન્હાઓ માટે ભોગબનનાર ''બાળક'' ની વ્યાખ્યામાં સમાવેશ થાય છે, એટલે કે, પોકસો એકટ, ૨૦૧૨ હેઠળના ગુન્હો પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ ધ્વારા ભોગબનનાર/બાળકની ઉંમર બનાવ સમયે અઢાર વર્ષ કરતાં નાની હતી, તેવું શંકા રહિત રીતે પુરવાર કરવું અત્યંત અનિવાર્ય બની રહે છે.

(૧૫) હાલના કેસમાં પોકસો એકટની કલમ–૩૪ ની જોગવાઈ લક્ષમાં રાખી ભોગબનનારની ઉંમર નકકી કરતી વખતે **Special Court** એ જુવેનાઈલ જસ્ટીસ **(કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન)** એકટની કલમ–૯૪ ની જોગવાઈ ધ્યાને લેવાની રહે છે, તેમજ જુવેનાઈલ જસ્ટીસ રૂલ્સ–૨૦૦૭ ના રૂલ–૧૨ અંગે નામદાર સુપ્રિમકોર્ટે પોતાના ***AIR- 2013 SC-3467, Jarnail Singh V/s State of Haryana*** માં પ્રસિધ્ધ

થયેલ ચુકાદામાં ઠરાવેલ છે કે, રૂલ–૧૨ ની જોગવાઈ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરની સાથે ગુન્હામાં ભોગબનનાર માટે પણ ધ્યાને લેવી જોઇએ.

**(૧૬)** જુવેનાઇલ જસ્ટીસ એકટની કલમ–૯૪ ની સાથે જુવેનાઇલ જસ્ટીસ રૂલ, ૨૦૦૭ ના રૂલ–૧૨ ની જોગવાઈ સાથે વાંચતાં, અદાલતે પ્રથમ ભોગબનનારની ઉંમર અંગે

(i) તેનું મેટ્રીકયુલેશન અથવા તેને સમકક્ષ સર્ટીફિકેટ ધ્યાને લેવાનું રહે છે.

(ii) નંબર–(i) ઉપલબ્ધ ન હોય ત્યારે, પ્લે સ્કુલ સિવાય પ્રથમ સ્કુલ ધ્વારા આપવામાં આવેલ જન્મનું પ્રમાણપત્ર,

(iii) નંબર–(i) અને (ii) ઉપલબ્ધ ન હોય ત્યારે કોર્પોરેશન, મ્યુનિસિપલ ઓથોરીટી અથવા પંચાયત ધ્વારા આપવામાં આવેલ જન્મનું પ્રમાણપત્ર ધ્યાનમાં લેવું.

(iv) ઉપરોકત ક્રમ નંબર (i), (ii) અને (iii) ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામાં આ અંગે બનાવવામાં આવેલ મેડીકલ બોર્ડનો અભિપ્રાય ધ્યાને લેવાનો રહે છે.

**(૧૭)** આ કામે પડેલ પુરાવાનું મુલ્યાંકન અને તુલનાત્મક વિશ્લેષણ કરતાં અગાઉ નામદાર સુપ્રિમકોર્ટે ભોગબનનારની ઉંમર નકકી કરવા સંબંધે જે કાયદાકીય સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તે ધ્યાને લેવા જરૂરી છે. આ તબકકે **<u>સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ વિરૂધ્ધ અનુપસિંઘ રીપોર્ટેડ ઇન (૨૦૧૫) ૭, સુ.કો.કેસીસ પેજ નં. ૭૭૩</u>** નો ચુકાદો ધ્યાને લેતાં, જેમાં નામદાર સુપ્રિમકોર્ટે એવું તારવેલ છે કે, જયારે કોઈપણ ભોગબનનાર બાળકની ઉંમર અંગે શાળા ધ્વારા ઇસ્યુ કરાયેલ સર્ટીફીકેટ તેમજ જન્મ પ્રમાણપત્રમાં ફેરફાર હોય તો તેવા સંજોગોમાં જન્મ પ્રમાણપત્રની નોંધ માનવાની રહે છે, તેમજ સદર માન. ચુકાદામાં આપેલ તારણ

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોકસો એકટ) તથા
બીજા એડી. સેશન્સ જજ, પાલનપુર.

મુજબ બળાત્કારના કેસમાં ભોગબનનારની ઉંમર નિર્ણિત કરતી વખતે **જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રૂલ્સ, ૨૦૦૭ ના નિયમ–૧૨(૩)** ની જોગવાઈ ધ્યાને લેવાની રહે છે. વધુમાં, નામદાર સુપ્રિમકોર્ટે **મહાડીઓ વિ. સ્ટેટ ઓફ મહારાસ્ટ્ર રીપોર્ટેડ ઈન ૨૦૧૩(૧૪) એસ.સી.સી. પેજ નં. ૬૩૭** ના કેસમાં આપેલ ચુકાદામાં તેમજ **જનરલસીંગ વિ. સ્ટેટ ઓફ હરીયાણાસ રીપોર્ટેડ ઈન ૨૦૧૩(૭), એસ.સી.સી., પેજ નં. ૨૬૩** ના કેસમાં આપેલ ચુકાદામાં પણ એવું ઠરાવેલ છે કે, બળાત્કારના કેસમાં ભોગબનનારની ઉંમર નક્કી કરવા માટે જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રૂલ્સ–૨૦૦૭ ના નિયમ–૧૨(૩) લાગુ પડે છે અને ફકત આ રૂલમાં જણાવેલ દસ્તાવેજી પુરાવાની ગેરહાજરીમાં મેડીકલ ઓપીનીયન ધ્યાને લઈ શકાય. જેથી ભોગબનનારની ઉંમર નક્કી કરવા માટે જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રૂલ્સ–૨૦૦૭ ના નિયમ–૧૨(૩) ની જોગવાઈ ધ્યાને લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે :–

''12.(3) In every case concerning a child or juvenile in conflict with law, the age determination inquiry shall be conducted by the court or the Board or, as the case may be, the Committee by seeking evidence by obtaining--

(a)(i)the matriculation or equivalent certificates, if available; and in the absence whereof;

(ii)the date of birth certificate from the school (other than a play school) first attended; and in the absence whereof;

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોકસો એકટ) તથા
બીજા એડી. સેશન્સ જજ, પાલનપુર.

(iii)the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

(b) and only in the absence of either (i), (ii) or (iii) of clause (a) above, the medical opinion will be sought from a duly constituted Medical Board, which will declare the age of the juvenile or child. In case exact assessment of the age cannot be done, the Court or the Board or, as the case may be, the Committee, for the reasons to be recorded by them, may, if considered necessary, give benefit to the child or juvenile by considering his/her age on lower side within the margin of one year.

and, while passing orders in such case shall, after taking into consideration such evidence as may be available, or the medical opinion, as the case may be, record a finding in respect of his age and either of the evidence specified in any or the clauses (a)(i),(ii),(iii) or in the absence whereof, clause (b) shall be the conclusive proof of the age as regards such child or the juvenile in conflict with law."

(૧૮) આમ, ઉપરોકત કાયદાકીય પ્રસ્થાપિત સિધ્ધાંત જોતાં ભોગબનનારની ઉંમર નકકી કરવા માટે જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રૂલ્સ–૨૦૦૭ ના નિયમ–૧૨ મુજબ નકકી કરી શકાય. વધુમાં, ઉપરોકત ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટે અવલોકન કર્યા મુજબ જુવેનાઇલ જસ્ટીસ રૂલ્સના નિયમ–૧૨(૩) ની જોગવાઇ મુજબ ભોગબનનારની ઉંમર નકકી કરવા માટે પ્રથમ મેટ્રીકયુલેશન સર્ટીફીકેટ અથવા તો તેના આનુસંગિક પ્રમાણપત્ર જો ઉપલબ્ધ હોય તો તેને સૌપ્રથમ પ્રાધાન્ય આપવુ પડે અને જયારે આ મુજબ મેટ્રીકયુલેશન

સર્ટીફીકેટ કે તેની સમકક્ષ સર્ટીફીકેટ ઉપલબ્ધ ન હોય ત્યારે બાળકે સૌપ્રથમ જે શાળામાં અભ્યાસ કર્યો હોય તે શાળાના રેકર્ડમાં જે જન્મ તારીખ નોંધેલ હોય તે ઉપર આધાર રાખવાનો રહે છે અને તે મુજબનો પુરાવો પણ ઉપલબ્ધ ન હોય ત્યારે જ કોર્પોરેશન અથવા તો નગરપાલીકા અથવા તો પંચાયત ધ્વારા આપવામાં આવેલ જન્મના પ્રમાણપત્ર ઉપર આધાર રાખવાનો રહે છે.

(૧૯) આ તબકકે **રશ્મીભાઇ હિંમતલાલ દવે અને બીજાઓ વિ. સ્ટેટ ઓફ ગુજરાત રીપોર્ટેડ ઇન ૨૦૧૫(૨), જી.એલ.આર., પેજ નં. ૧૨૯૬** નો નામદાર ગુજરાત હાઇકોર્ટનો ચુકાદો ધ્યાને લેવો જરૂરી જણાય છે. સદર કેસમાં નામદાર ગુજરાત હાઇકોર્ટે ઠરાવેલ છે કે, નિશાળ છોડયાના પ્રમાણપત્રમાં બાળાની જન્મ તારીખ તેની ઉંમર નકકી કરવા માટે પુરતી છે અને તે અંગે ઓસીફીકેશન ટેસ્ટ અનિવાર્યપણે જરુરી નથી. વધુમાં, સદર ચુકાદામાં નામદાર ગુજરાત હાઇકોર્ટે એવું ઠરાવેલ છે કે, પીડીતાની જુબાની પુરાવાની પરિપુષ્ટિ વિના નિર્ભર છે. વધુમાં, સદર ચુકાદામાં નામદાર ગુજરાત હાઇકોર્ટે એવું ઠરાવેલ છે કે, ભોગબનનારની ઉંમર નકકી કરવા સ્કૂલનું લીવીંગ સર્ટીફીકેટ અને સ્કૂલ રેકર્ડની એન્ટ્ર ધ્યાને લઇ શકાય. વધુમાં, સદર ચુકાદામાં નામદાર ગુજરાન હાઇકોર્ટે એવું પણ ઠરાવેલ છે કે, ભોગબનનારની ઉંમર અઢાર વર્ષથી ઓછી હોય તેવા કિસ્સામાં તેણીની સંમતિનું કોઇ મહત્વ રહેતું નથી અને તે ધ્યાને લેવાની રહેતી નથી.

(૨૦) વિશેષમાં **(૨૦૧૪)૪, એસ.સી.સી. (ક્રિમીનલ), પેઇજ નં. ૩૦૬, મહાદેવ વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર** ના ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટ ધ્વારા એવું ઠરાવેલ છે કે, કોઇપણ ઇસમની ઉંમર અંગે તેની જન્મ નોંધણીનો પુરાવો જે આધારભુત ગણી

શકાય, તેમજ તેવો પુરાવો ન હોય તેવા કિસ્સામાં તેના એસ.એસ.સી. બોર્ડ અથવા તો તેને સમકક્ષ દાખલો અથવા તો તે ઇસમ ધ્વારા પ્રથમ જે શાળામાં અભ્યાસ માટે દાખલ થયેલ હોય તે શાળા ધ્વારા ઈસ્યુ કરાયેલ દાખલો (પ્લે હાઉસ સિવાયની શાળા) ધ્યાને લઈ શકાય, અને તે માટે તે દાખલો ઈસ્યુ કરનાર અધિકારીને કોર્ટ રૂબરુ તપાસવા જરૂરી બની રહે , તેમજ તેવા કોઇપણ પુરાવાથી ગેરહાજરીમાં કોર્ટ ધ્વારા રેડીયોલોજીસ્ટના અભિપ્રાય પર આધાર રાખી શકાય અને તે માટે જે રેડીયોલોજીસ્ટ ધ્વારા તે ઈસમના હાડકાં તથા દાંતની ચકાસણી કરી જે દાખલો આપેલ હોય તે મેડીકલ અભિપ્રાયને ધ્યાને લઈ શકાય. જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) એકટ, ૨૦૧૫ ની કલમ–૯૪(૨) ની જોગવાઈ લક્ષમાં લેવામાં આવે તો જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રૂલ્સ, ૨૦૦૭ ના નિયમ–૧૨(૩) સાથે મોટા ભાગે સુસંગત હોવાનું જણાઈ આવે છે.

**(૨૧)** આમ, ઉપરોકત જોગવાઈઓ તેમજ નામદાર વડી અદાલતના ચુકાદાઓમાં નિર્દિષ્ટ કરેલ સિધ્ધાંતો અન્વયે ભોગબનનાર બનાવ સમયે સગીર વયની હતી કે કેમ ? તે સંદર્ભે ફરિયાદપક્ષનો પુરાવો જોવામાં આવે તો, હાલના કિસ્સામાં ફરિયાદપક્ષ ભોગબનનાર બનાવ સમયે એટલે કે, **તા. ૦૯/૦૨/૨૦૨૫** ના રોજ **૧૩ વર્ષ, ૮ માસ અને ૨૪** દિવસની સગીર ઉંમરની હતી, તેવી જે હકીકત સાથે આવેલ છે, તે અનુસંધાને ફરિયાદપક્ષે ભોગબનનારની ઉંમર પુરવાર કરવા માટે ઉપર દર્શાવેલ નામદાર સુપ્રિમકોર્ટની વિવિધ જજમેન્ટસની ગાઈડલાઈન મુજબ જન્મ તારીખનો પુરાવો તે શ્રેષ્ઠ પુરાવો ગણી શકાય તેના પર આધાર રાખેલ છે. તેમજ એવીડન્સ એકટ મુજબ પણ મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવાની સાપેક્ષતામાં દસ્તાવેજી પુરાવાની

પુરાવાકીય વેલ્યુ વધુ રહે. હાલના કામે જોવામાં આવે તો ફરિયાદી/ભોગબનનારે તેની આંક. ૧૮ ની જુબાનીમાં તેણીની જન્મ તારીખ ૧૬/૦૫/૨૦૧૧ ની જણાવેલ છે અને આઠ ધોરણ સુધી માલોસણા પ્રાથમિક શાળામાં ભણેલ હોવાનું જણાવેલ છે. તેની જુબાનીમાં આંક. ૨૦ થી જન્મનું પ્રમાણપત્ર રજુ કરેલ છે, જે સબ રજીસ્ટ્રાર, જન્મ-મરણ, પાલનપુર નગરપાલિકા ધ્વારા આપવામાં આવેલ છે અને તેમાં ભોગબનનારની જન્મ તારીખ ૧૬/૦૫/૨૦૧૧, જન્મ સ્થળ પૃથ્વી હોસ્પિટલ, પાલનપુર જણાવેલ છે. ભોગબનનારની જુબાનીમાં આંક. ૨૧ થી તેના આધાર કાર્ડની ઝેરોક્ષ કોપી રજુ થયેલ છે જેમાં પણ ભોગબનનારની જન્મ તારીખ ૧૬/૦૫/૨૦૧૧ હોવાનું જણાવેલ છે. ઉલટ તપાસમાં ભોગબનનારે એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે, તેની જન્મ તારીખમાં તેના સ્કૂલના દાખલામાં જે લખાવેલ હતી તેના આધારે લખાવેલી. વધુમાં, ભોગબનનારના પિતાએ તેમની આંક. ૧૦ ની જુબાનીમાં તેમની ભોગબનનાર દિકરી ધોરણ-૮ સુધી ભણેલ છે. તેમની દિકરીની જન્મ તારીખ તેમને યાદ નથી તેમ જણાવેલ છે. આ સાહેદની આરોપી તરફે કરેલ ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે, તેમની ભોગબનનાર દિકરી એકજ સ્કૂલમાં ગામમાં જ ભણેલી છે. ભોગબનનારને શાળામાં પ્રવેશ અપાવવા માટે તેઓ એકલા જ ગયેલ હતા. તેઓએ એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે, ભોગબનનારને શાળામાં પ્રવેશ અપાવવા માટે તેઓ કોઇ દસ્તાવેજો લઇને ગયેલ ન હતા. બનાવ સમયે તેમની ભોગબનનાર દિકરી ધોરણ-૮ માં અભ્યાસ કરતી હતી. ભોગબનનારની માતાએ પણ તેમની આંક. ૨૫ ની જુબાનીમાં તેમની ભોગબનનાર દિકરી ધોરણ-૮ સુધી ભણેલ છે અને તેમની ભોગબનનાર દિકરીની જન્મ તારીખ ૧૬/૦૫/૨૦૧૧ ની

છે. આમ, ભોગબનનારે તેની જન્મ તારીખ ૧૬/૦૫/૨૦૧૧ ની જણાવેલ છે જેને તેણીના માતા અને પિતાના પુરાવાથી સમર્થન મળે છે અને તેની જુબાનીમાં આંક. ૨૦ થી જન્મ પ્રમાણપત્ર રજુ થયેલ છે તેને પણ ભોગબનનારના ખુદના પુરાવાથી સમર્થન મળે છે.

**(૨૨)** વધુમાં, ત.ક.અધિકારી હીનાબેન રણછોડભાઇ વાઘેલાની આંક. ૨૯ ની જુબાનીમાં જણાવે છે કે, આંક. ૨૦ વાળું ભોગબનનારનું જન્મપ્રમાણપત્ર તેમની રૂબરુ જાહેર કરેલ તેજ છે. ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતનો ઇન્કાર કરેલો છે કે, ભોગબનનારના કોઈ જન્મના પ્રમાણપત્રના આધાર મેળવેલ નથી. વધુમાં, ભોગબનનારની ઉંમર પુરવાર કરવા માટે ઉપર દર્શાવેલ નામદાર સુપ્રિમકોર્ટની વિવિધ જજમેન્ટસની ગાઈડલાઈન મુજબ જન્મ તારીખનો પુરાવો તે શ્રેષ્ઠ પુરાવો ગણી શકાય તેના પર આધાર રાખેલ છે. તેમજ એવીડન્સ એકટ મુજબ પણ મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવાની સાપેક્ષતામાં દસ્તાવેજી પુરાવાની પુરાવાકીય વેલ્યુ વધુ રહે. હાલના કામે જોવામાં આવે તો ભોગબનનારની જુબાનીમાં આંક. ૨૦ થી ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર રજુ થયેલ છે, જેમાં સબ રજીસ્ટ્રાર, જન્મ-મરણ, પાલનપુર નગરપાલિકાએ આપેલ જન્મનું પ્રમાણપત્ર રજુ થયેલ છે, આ દસ્તાવેજમાં ભોગબનનારની જન્મ તા. ૧૬/૦૫/૨૦૧૧ ની જણાવેલ છે, જે ધ્યાને લેતાં અને બનાવ તા. ૦૯/૦૨/૨૦૨૫ ના રોજ બનેલ છે તે જોતાં **બનાવ સમયે ભોગબનનારની ઉંમર ૧૩ વર્ષ ૮ માસ અને ૨૪ દિવસ** હોવાનું સ્પષ્ટપણે જણાય આવે છે. આરોપી તરફે એવી દલીલ કરવામાં આવેલ છે કે ભોગબનનારના જન્મનો દાખલો જે રજુ થયેલ છે તે ઝેરોક્ષ કોપી છે તેમજ સદરહું દાખલો આપનાર કોઈ અધિકારી કે કર્મચારીને તપાસી ભોગબનનારની

જન્મ તારીખ પુરવાર કરવામાં આવેલ નથી. અત્રે એ નોંધનીય છે કે, સામાન્ય રીતે કોર્ટ જન્મ તારીખ ધ્યાને લે જેમાં ૧૬ થી ૧૮ વર્ષની ઉંમર આવતી હોય ત્યારે ચોકકસપણે તેની પ્રોબેબલ વેલ્યુ ચકાસતી હોય છે. હાલના કામમાં ભોગબનનારની ઉંમર ૧૩ વર્ષ ૮ માસ અને  ૨૪ દિવસની છે,  જેથી ત્રણ વર્ષનું વેરીએશન આવી ન શકે. સામાન્ય કિસ્સામાં ગામડાઓમાં સ્કૂલમાં બાળકને બેસાડવા માટે તેની જન્મ તારીખમાં એક માસ કે વધુમાં વધુ છ માસનો ફરક પડે અને જન્મ તારીખ ૧લી જૂન હંમેશા રાખતા હોય છે. પરંતું હાલના કામમાં પૂખ્તવયની ઉંમર કરતાં સગીરા ખુબજ નાની ઉંમરની હોય અને ચાર વર્ષનો ફરક હોય જેથી આ તબકકે જન્મ પ્રમાણપત્રને નહિ માનવા કોઈ કારણ નથી.   આંક. ૨૦ જન્મનું પ્રમાણપત્ર યોગ્ય સરકારી સંસ્થાએ આપેલ છે અને તપાસ કરનાર અમલદારશ્રીએ તપાસમાં મેળવીને રજુ કરેલ છે, જે નહિ માનવા માટે કોઈ કારણ નથી. આમ, ઉકત આંક. ૨૦ ના જન્મ પ્રમાણપત્રની નકલ લક્ષમાં રાખતાં, જેમાં ભોગબનનારની જન્મ તારીખ ૧૬/૦૫/૨૦૧૧ હોવાનું ફલિત થાય છે. વધુમાં, ભોગબનનારે પણ પોતાની જન્મ તારીખ ૧૬/૦૫/૨૦૧૧ હોવાનું જણાવેલ છે. ભોગબનનારની માતાએ પણ  તેમની જુબાનીમાં ભોગબનનાર દિકરીની જન્મ તારીખ ૧૬/૦૫/૨૦૧૧ ની જણાવેલ છે. આમ, આંક. ૨૦ જે નગરપાલિકાના રજીસ્ટ્રારશ્રી ધ્વારા આપવામાં આવેલ ઓન્થેટીક દસ્તાવેજી પુરાવો છે જેને નહિ માનવા માટે કોઈ કારણ નથી. આમ, સદર સાહેદોની બચાવપક્ષે ઉકત વિગતવારની જે કોઈ ઉલટ તપાસ આધારે જે બચાવ લીધેલ છે, તે ધ્યાને રાખતાં પણ એ હકીકત અત્રે અચુકપણે નોંધનીય છે કે, ઉપરોકત ભોગબનનારના જન્મ અંગેના ઉકત દસ્તાવેજી આધાર ખોટા હોવાનો અથવા તો પાછળથી ઉભા કરાયેલ હોવાનો કોઈ બચાવ

આરોપીપક્ષે લેવામાં આવેલો નથી. ત.ક.અધિકારીની બચાવપક્ષ તરફ કરેલ ઉલટ તપાસમાં ભોગબનનારની શાળામાં પ્રવેશ કયા આધારે મેળવેલ તેનો કોઈ આધાર પુરાવો મેળવેલ નથી. પરંતુ આરોપીપક્ષે ઉકત બચાવને કેન્દ્ર સ્થાને રાખતાં પણ અને હાલના હાથ ઉપરના કેસમાં ઉકત કરેલ ચર્ચા મુજબ સંબંધિત નગરપાલિકાએ આપેલ ભોગબનનારના જન્મ અંગેનું પ્રમાણપત્ર નો દસ્તાવેજ ખોટો હોવાનો અથવા તો તે પાછળથી ઉભો કરાયેલ હોય તેવું કોઈપણ સંજોગોમાં માની શકાય તેમ ન હોઈ, ભોગબનનારની ઉંમર અંગે ત.ક.અધિકારીશ્રીની બચાવપક્ષે લીધેલ ઉલટ તપાસ આધારે લીધેલ બચાવ કે આ સંબંધે દલલોના તબકકે લીધેલ તાર્કિક બચાવ હાલના તબકકે ટકી શકે તેમ નથી. તે સંજોગોમાં બનાવના દિવસે એટલે કે, તા. ૦૯/૦૨/૨૦૨૫ ના રોજ ભોગબનનારની ઉંમર ૧૩ વર્ષ ૮ માસ અને ૨૭ દિવસ એટલે કે સગીર હોવાનું ફરિયાપક્ષે પુરવાર કરેલ છે, જેથી મુદ્દા નં. ૧ નો જવાબ "**હકાર**" માં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૨</u> :-**

(૨૩) આ કામે મુદ્દા નં. ૨ સંદર્ભે ફરિયાદપક્ષે આંક.૦૭ ના તહોમતનામાં અનુસારનો આક્ષેપિત કેસ મુજબનો ગુન્હો આરોપીએ આચરેલ છે કે કેમ ? તે માટે ફરિયાદપક્ષ તરફથી ભોગબનનારનો પુરાવો ખુબ મહત્વનો હોય છે અને તે સંદર્ભનો સ્પષ્ટ પુરાવો ભોગબનનાર પોતે જ આપી શકે. જેથી ભોગબનનારને સાહેદ નં. ૫ તરીકે ફરિયાદપક્ષ ધ્વારા આંક. ૧૮ થી તપાસવામાં આવેલ છે. તેઓનો સમગ્ર પુરાવો વંચાણે લેતાં તેમજ અત્રેની અદાલત સમક્ષ તેઓએ પુરાવો આપેલો છે ત્યારે તે પુરાવો આપતાં સમયે તેઓનું વર્તન ધ્યાનમાં લેતાં તેઓનું વર્તન સહજ હોવાનું અને જુબાની આપતાં સમયે તેણીને શીખવાડીને લાવવામાં આવેલ હોય એટલે કે તેઓ ટયુટર વિટનેસ હોય તેવું પણ માની શકાય તેમ નથી. મજકુર

ભોગબનનારે તેણીના આંક. ૧૮ ના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, બનાવ તા.૯/૦૨/૨૦૨૫ ના રોજ માલોસણા ગામે બનેલો. તે વખતે તેના મમ્મી–પપ્પા અને ભાઇ બહેન સર્વ સમાજના સમુહ લગ્નમાં પાલનપુર મુકામે ગયેલ હતા. ઘરે તેણી એકલી હતી. તેણીના પિતાનું માલોસણા મુકામે તેમના ઘર આગળ લાકડાનું કેબીન છે અને જયાં તેના પિતાજી, તેની માતા અને સમય મળે ત્યારે તેણી આ કેબીન ઉપર બેસે છે અને ગોળી બીસ્કીટનો વેપાર કરે છે. બનાવના દિવસે એટલે કે, તા. ૯/૦૨/૨૦૨૫ ના રોજ સાડા નવથી દસેક વાગ્યાના સમયે તેણી તેના ઘરે એકલી હતી તે વખતે તેમની દુકાન (કેબીન) બંધ હતી અને તેણી તેના ઘરમાં પોતું કરતી હતી અને તેના ઘરે રાખેલો કુતરો તેમની ઓસરીમાં એંગલ સાથે બાંધેલ હતો અને તે કુતરો ભસવા લાગતાં તેણીએ બહાર જઇને જોયું તો ત્યાં આરોપી કિર્તીભાઇ તેણીના ઘરની ઓસરીમાં આવી ગયેલ હતો અને આરોપીને જોઇને તેણી દોડીને ઘરની બહાર જતી રહેલી અને આરોપીએ તેણીની બાજુમાં આવીને કહેલ કે હું તારા ઘરે આવેલ છું તેવું તારા મમ્મી પપ્પાને કહેતી નથી તેમને જાનથી મરાવી નાખીશ તેમ કહી તેણીના ઘરેથી જતો રહેલ. ત્યારબાદ રસ્તામાંથી કોઇ ભાઇ જતા હતા તેમના ફોનથી તેણીએ તેના મમ્મી પપ્પાને ફોન કરાવેલ અને આરોપીએ જે વાત તેણીને કરેલી તે વાત તેણીએ તેના મમ્મી પપ્પાને કરેલી. ત્યારબાદ તેણીના મમ્મી પપ્પા તથા ભાઇ બહેન રીક્ષા લઇને સમુહ લગ્નથી તેમના ઘરે પરત આવેલા અને ઘરે આવતાં તેણીએ બનાવની વાત તેમને કરેલી. ત્યારબાદ તેણીના મમ્મી પપ્પા આરોપીના ઘરે કહેવા ગયેલા ત્યારે તેમના ઘરે ભરતભાઇ વિરાભાઇ સોલંકી, દિનેશભાઇ મઘાભાઇ સોલંકી, કાન્તીભાઇ મઘાભાઇ સોલંકી હાજર હતા, તેઓને તેણીના મમ્મી પપ્પાએ આ વાત કરેલી અને જેથી તેઓએ

કહેલ કે, મારે આ બાબતે તમારી સાથે કોઈ વાત કરવી નથી અને તેઓએ તેણીના મમ્મી પપ્પાને ગાળો બોલેલી અને આરોપીએ તેણીના પપ્પાને છુટુ લાકડું મારવા માટે ફેકેલ પરંતું તેના પપ્પાને વાગેલ નહી. ત્યારબાદ તેણીના મમ્મી પપ્પા આરોપીના ઘરેથી જીવ બચાવી તેમના ઘરે આવતા રહેલા અને ત્યારબાદ તેઓએ પોલીસ સ્ટેશમાં જઈ બનાવ સંબંધે તેમની પોલીસ સ્ટેશનમાં બદનામી ન થાય તે માટે કેસ (ફરિયાદ) કરેલ નહી પરંતું આરોપી તેણીને અવાર નવાર હેરાન પરેશાન કરતો હોઈ તેણીના મમ્મી પપ્પા અને તેણીએ છાપી પો.સ્ટે. માં જઈ ફરિયાદ કરેલી.

વધુમાં, ભોગબનનારે તેના પુરાવામાં જણાવેલ છે કે, આરોપી ફરિયાદ કરી તે અગાઉ પણ તેમની દુકાને આવતા જતા અને રૂા. ૧૦૦ ની નોટ આપતા અને રૂપીયા પાંચ કે દસની વસ્તુ લેતા હતા અને બાકીના પૈસા તેણી પાછા આપતી ત્યારે તેઓ કહેતા કે આ પૈસા તું તારી પાસે રાખ અને દુકાનમાં વસ્તુ લેવાના બહાને તેણીના શરીર સાથે તેઓ હાથ ફેરવતા હતા અને તેણી જયારે ઘરકામ કરતી હોય ત્યારે પણ તેઓ ગંદા ગંદા ઈશારા કરતા અને તેણીની સામે ફરીને તેઓ પેશાબ જેવી હરકતો પણ કરતા હતા. ભોગબનનારની જુબાનીમાં આંક. ૧૯ થી ફરિયાદ રજુ થયેલ છે. ફરિયાદ નોંધાવ્યા બાદ તેણીને છાપી પોલીસ સ્ટેશનથી વડગામ કોર્ટમાં લઈ ગયેલા, ત્યાં જજ સાહેબને તેણીએ તેનો જવાબ લખાવેલો. તેણીની જુબાનીમાં આંક. ૨૨ થી બી.એન.એસ.એસ. ની કલમ-૧૮૩ નું મેજીસ્ટ્રેટશ્રી રૂબરુનું તેણીનું નિવેદન રજુ થયેલ છે. આરોપીને કોર્ટ રૂબરુ ઓળખી બતાવેલ છે. આમ, ભોગબનનારે પોતાની સાથે બનેલ બનાવની હકીકત કોર્ટ રૂબરુ જણાવેલ છે અને પોતાની આંક. ૨૧ થી રજુ થયેલ ફરિયાદ હકીકતને સમર્થન આપેલ છે.

(એ) ફરિયાદી/ભોગબનનારની આરોપી તરફે કરેલ ઉલટ તપાસ જોવામાં આવે તો, તેણી ઘરેથી ચીજવસ્તુ લેવા સારૂ ઘણી વખત એકલી પણ જાય છે. તેણીના ઘરેથી સ્કૂલે જવાનો રસ્તો પાંચેક મિનિટનો છે. આરોપીનું ઘર કયા એરીયામાં આવેલું છે અને કયાં રહે છે તેની તેણીને ખબર નથી. તેણીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેણી તેના ઘરેથી સ્કૂલ જાય તે દરમ્યાન રસ્તે કોઇ વ્યકિત તેણીની પાછળ પાછળ આવતો હોય કે રેકી કરતો હોય કે તેણીને બોલાવતો હોય તેવું કયારેય બનેલ નથી. કોઇ છોકરાનએ તેણીને મોબાઇલ નંબર આપેલ હોય અને તે નંબર ઉપર તેણી તેની સાથે વાતોચીતો કરતી હોય તેવું પણ બનેલ નથી. તેણીની પાસે મોબાઇલ નથી. તેણીના ઘરે તેની મમ્મી પાસે અને પપ્પા પાસે મોબાઇલ છે અને તેઓ જયારે પણ બહાર જાય છે ત્યારે મોબાઇલ સાથે લઇ ને જાય છે. તેણીની માતા જયારે કામે જાય છે ત્યારે તેણી ઘરે રહે છે. તેણીની માતા રોજે રોજ લોકોના ઘરે કામકાજ કરવા જાય છે. તેણીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેણીના પિતા રીક્ષા ચલાવતા હોય અને આરોપી પણ રીક્ષા સાથે ચલાવતા હોય અને તે સમયે તેણી મળેલ હોય તેવું પણ કયારેય બનેલ નથી. તેણીએ સ્વીકારેલ છે કે, તેમના ઘરે તેમના ઘરના સભ્ય સિવાય કોઇ અજાણ્યો વ્યકિત આવે તો તેમનો કુતરો તેઓને ભસતો હતો. તેણીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તા. ૦૯/૦૨/૨૦૨૫ પછી તેઓ પાલનપુર રહેવા સારૂ આવી ગયેલા. તેણીએ એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે, બનાવ અને તેણીએ ફરિયાદ કરેલ તે સમયગાળા દરમ્યાન તેઓ માલોસણા ગામે રહેવા સારૂ આવેલા નહી. તેણીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેની સાથે જે બનાવ બનેલ તે બનાવ અંગેની વાતચિત તેણીએ બનાવ અગાઉ કયારેય પણ કોઇ વ્યકિતને કરેલ નહી. તેણી બનાવ પહેલાં પણ

સ્કૂલે જતી હતી અને બનાવ બાદ પણ સ્કૂલે જાય છે. વધુ ઉલટ તપાસમાં તેણીએ સ્વીકારેલ છે કે, તેમના કેબીન ઉપર ગામના અને આજુબાજુના લોકો ચીજવસ્તુઓ લેવા આવતા હોય છે અને ચીજવસ્તુઓ લેવા વાળા વ્યકિતઓ પાસે છુટા પૈસા ના હોય અથવા તો તેમના ગલ્લામાં છુટા પૈસા ના હોય તો તેવા સમયે પૈસા ઘણી વખત જમા પણ રાખે છે અને બાકી પણ રાખતા હોય છે. આરોપીએ તેમના ઘરે બાંધેલ કુતરાને કેટલી લાકડીઓ મારેલી તેની તેને ખબર નથી. તેણીએ એ હકીકતની ખબર નથી કે, આરોપીએ કુતરાને માર મારતા તેણીના માતા પિતા આરોપીને ઠપકો આપવા ગયેલ હતા કે કેમ. તેમજ તેણીને એ વાતની ખબર નથી કે, બનાવવાળું જે કેબીન છે તે કેબીન દબાણમાં છે કે કાયદેસર રીતે રાખવામાં આવેલ છે. તેણીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેણીએ તેની પોલીસ રૂબરૂની ફરિયાદમાં એવી હકીકત લખાવેલ ન હતી કે,'' હું મારા ઘરમાં પોતુ કરતી હતી અને મારા ઘરે રાખેલો કુતરો અમારી ઓસરીમાં એંગલ સાથે બાંધેલ હતો અને તે કુતરો ભસવા લાગતાં તેણીએ બહાર જઇને જોયુ તો ત્યાં કિર્તીભાઇ મારા ઘરની ઓસરીમાં આવી ગયેલ''. તેણીએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેણીના પોલીસ રૂબરુ ની ફરિયાદમાં એવી હકીકત લખાવેલ ન હતી કે, ''ત્યારબાદ રસ્તામાંથી કોઇ ભાઇ જતા હતા તેમના ફોનથી મે મારા મમ્મી પપ્પાને ફોન કરાવેલ અને આ કિર્તીભાઇએ જે વાત મને કરેલી તે વાત મે મારા મમ્મી પપ્પાને કરેલી. ત્યારબાદ મારા મમ્મી પપ્પા તથા ભાઇ બહેન રીક્ષા લઇને સમુહ લગ્નથી અમારા ઘરે પરત આવેલા અને ઘરે આવતાં મે બનાવની વાત તેમને કરેલી. ત્યારબાદ મારા મમ્મી પપ્પા આ કિર્તીભાઇના ઘરે કહેવા ગયેલા ત્યારે તેમના ઘરે ભરતભાઇ વિરાભાઇ સોલંકી, દિનેશભાઇ મઘાભાઇ સોલંકી, કાન્તીભાઇ મઘાભાઇ સોલંકી હાજર હતા

તેઓને મારા મમ્મી પપ્પાએ આ વાત કરેલી અને જેથી તેઓએ કહેલ કે મારે આ બાબતે તમારી સાથે કોઈપણ વાત કરવી નથી અને તેઓએ મારા મમ્મી પપ્પાને ગાળો બોલેલી અને કાન્તીભાઈ મઘાભાઈ સોલંકીએ મારા પપ્પાને છુટું લાકડું મારવા માટે ફેકેલ પરંતું મારા પપ્પાને વાગેલ નહી અને મારા મમ્મી પપ્પા કિર્તીભાઈના ઘરેથી જીવ બચાવી અમારા ઘરે આવતા રહેલા.'' તેણીએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેણીના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, ''હુ જયારે ઘરકામ કરતી હોઉ ત્યારે પણ તેઓ ગંદા ગંદા ઈશારા કરતા અને મારી સામે ફરીને તેઓ પેશાબ જેવી હરકતો પણ કરતા હતા''.

(બી) આમ, ભોગબનનારની સરતપાસ અને ઉલટ તપાસ જોવામાં આવે તો, ભોગબનનારે પોતાની ફરિયાદ હકીકતને સમર્થનકારક પુરાવો આપેલ છે અને તેણીની સાથે બનેલ બનાવની હકીકત કોર્ટ રૂબરુ જણાવેલ છે . તેણીએ પોતાની ફરિયાદમાં અમુક હકીકત લખાવેલ નથી તેટલા માત્રથી આવો કોઈ બનાવ બનેલ નથી તેવું માની શકાય નહી. કારણ કે, ભોગબનનાર જે ૧૪ વર્ષથી પણ નાની ઉંમરની છે સગીર વયની નાની બાયકી છે અને ફરિયાદ વખતે તેની સાથે જે બનાવ બનેલો તેમાં અમુક હકીકત લખાવેલ ન હોય કે ભુલી ગયેલ હોય તેટલા માત્રથી તેણીની સાથે આરોપીએ આવું કોઈ કૃત્ય કરેલ નથી કે આવો બનાવ બનેલ નથી અને ભોગબનનાર ખોટો પુરાવો આપે છે તે માની શકાય નહી.

(૨૪) હવે આ સંબંધે ભોગબનનારનું આંક. ૨૩ થી રજુ થયેલ મેજીસ્ટ્રેટશ્રી રૂબરુ લેવામાં આવેલ બી .એન.એસ.એસ. ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન જોવામાં આવે તો, સદર નિવેદન જયુડી.મેજી.ફક. વડગામનાઓની રૂબરુ તા. ૫/૦૩/૨૦૨૫

ના રોજ લેવામાં આવેલું છે. ભોગબનનારે તેના નિવેદનમાં જણાવેલ છે કે, '' માલોસણા મુકામે મારા ઘરની આગળ મારી માતા મધુબેન બે વર્ષથી ગોળી બીસ્કીટની દુકાન ચલાવે છે અને તે દુકાન ઉપર હું કયારેક બેસવા માટે જાઉ છું. આ દુકાને અમારા ગામના કિર્તીભાઇ વીરાભાઇ સોલંકી પણ ગોળી બીસ્કીટ લેવા માટે કયારેક કયારેક આવતો હતો. હું જયારે દુકાને બેસેલી હોઉ ત્યારે આ કિર્તીભાઇ વીરાભાઇ સોલંકી કે જે અમારા ગામમાં જ રહે છે તે મારી દુકાને આવતો હતો અને રૂા.૧૦૦/– ની નોટ આપી બે–પાંચ રૂપીયાની વસ્તુ લેતો અને બાકીના પૈસા હું તેને પાછા આપતી તો તે પૈસા પરત લેતો નહી અને મને એમ કહેતો હતો કે તું રાખ અને તું ખુશ રે. આ કિર્તીભાઇ મને છેલ્લા ત્રણ મહીનાથી મારી દુકાને અવાર નવાર આવતો અને વસ્તુ લેવાના બહાને મારા શરીર ઉપર બધે હાથ ફેરવતો હતો. જેથી મે તેને મારા શરીર ઉપર હાથ ફેરવવાની ના પાડતા તે મને સોરી બકા, મારી ભુલ થઇ ગઇ તેમ કહેતો અને કહેતો હતો કે તારા મમ્મી પપ્પાને વાત કરીશ નહી, જો વાત કરીશ તો તને હું જાનથી મારી નાખીશ. તા. ૦૯/૦૨/૨૦૨૫ ના રોજ મારા માતા પિતા સમુહ લગ્નમાં પાલનપુર મુકામે ગયેલા હતા અને હું મારા ઘરમાં એકલી હતી અને ઘરમાં પોતું કરતી હતી તે વખતે આ કિર્તીભાઇ વીરાભાઇ સોલંકી સવારના સાડા નવ–દસ વાગ્યાની આસપાસ મારા ઘરમાં આવેલો અને તે સમયે અમારો પાળેલો કુતરો તેને જોઇને ભસવા લાગેલો અને આ કુતરો આ કિર્તીભાઇ વીરાભાઇ સોલંકીને કરડેલો. ત્યારબાદ હું તરત દોડીને ઘરની બહાર જતી રહેલ અને ત્યાં બહાર એક ભાઇ જોતા હતા તેને હું ઓળખતી નથી તેના મોબાઇલમાંથી મે મારા પિતાજીને ફોન કરેલો અને બનાવની જાણ કરેલી. ત્યારબાદ મારા માતા પિતા ઘરે આવેલા અને તેઓને મે આ કિર્તીભાઇ વીશે વાત કરેલી. ત્યારબાદ મારા માતા પિતા

ભરતભાઇ વીરાભાઇ, કાન્તીભાઇ મઘાભાઇ, દિનેશભાઇ મઘાભાઇ નાઓને આ કિર્તીભાઇની વાત કરતા આ લોકો લાકડી, ધોકા ઉગામેલા અને મારી નાખવાની ધમકી આપેલી તેથી મારા માતા પિતા જીવ બચાવીને ત્યાંથી નીકળી ગયેલા. ત્યારબાદ અમોએ ઇજ્જતના ડરથી ફરિયાદ કરેલ ન હતી પરંતું કિર્તીભાઇના વ્યવહારમાં કાંઇ સુધારો ન આવતો અમો અમારા માતા પિતા સાથે જઇને છાપી પો.સ્ટે. માં ફરિયાદ આપેલી. આ કિર્તીભાઇ હું જયારે મારી દુકાને બેસેલ હોઉં ત્યારે અમારા ઘરની વાડ પાસે ઉભા રહીને પેશાબ કરે અને ગંદા ગંદા ઇશારા કરતો હતો.''

આમ, ભોગબનનારની જુબાનીને આ બી.એન.એસ.એસ. ની કલમ–૧૮૩ ના જયુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રી, વડગામ નાઓ રૂબરુના નિવેદનથી પણ સંપુર્ણપણે સમર્થન મળે છે, અને જે હકીકત ભોગબનનાર મેજીસ્ટ્રેટશ્રી રૂબરુ લખાવેલ છે તેવી જ હકીકત કોર્ટ રૂબરૂના પુરાવામાં જણાવેલ છે અને તેમાં કયાંય પણ શંકા ઉત્પન્ન થાય તેમ નથી.

(૨૫) ભોગબનનારના પુરાવાની સાથે સાથે ભોગબનનારના માતા–પિતાનો પુરાવો જોવામાં આવે તો, આ કામે આંક. ૧૦ થી ભોગબનનારના પિતાએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૦૯/૧૨/૨૦૨૫ ના રોજ નવ વાગ્યે બનાવ બનેલો. તે દિવસે સમુહ લગ્નમાં પાલનપુર ખાને ધનીયાણા ચોકડી ખાતે તેઓ તથા તેમની પત્ની તથા તેમની દિકરી કિંજલ તથા તેમનો દિકરો પાલનપુર મુકામે ગયેલા હતા અને તેમની ભોગબનનાર દિકરી ઘરે હતી. ત્યારે તેઓ સમુહ લગ્નમાં હતા ત્યારે કોઇ અજાણ્યા નંબર ઉપરથી તેમની દિકરીએ તેમને ફોન કરીને જણાવેલ કે, કિર્તીભાઇ વીરાભાઇ દારૂ પીને આપણા ઘરમાં ઘુસી ગયેલા અને તેમની ભોગબનનાર દિકરી સાથે છેડછાડ કરવા

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોકસો એકટ) તથા
બીજા એડી. સેશન્સ જજ, પાલનપુર.

લાગેલા અને જેમ તેમ બોલવા લાગેલા અને તેણીનીને હાથ ચાલાકી કરી છેડતી કરેલી, અને તેમના ઘરનો કુતરો તેને કરડવા જતો તે ભાગી ગયેલો. આમ, ભોગબનનારના પુરાવાને ભોગબનનારના પિતાના પુરાવાથી પણ સમર્થન મળે છે અને બનાવ સમયે આરોપી ભોગબનનાર તેના ઘરે એકલી હતી ત્યારે તેમના ઘરે આવેલો છે અને તેણીનીને હાથ ચાલાકી કરી છેડતી કરેલ હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં, ભોગબનનારના પિતાએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તથા તેમની પત્ની અને બાળકો ઘરે આવેલા અને કિર્તીભાઇના ઘરે તેને સમજાવવા માટે ગયેલા અને ત્યારબાદ આ કિર્તીભાઇના ભાઇઓ તેમને અપશબ્દો બોલેલા તેમજ મા-બેન સામે ગાળો બોલેલ અને આની ફરિયાદ લઇને તારે અમારી પાસે આવવું નહી અને તારાથી જે થાય તે કરી લે તેવું જણાવેલ. ત્યારબાદ તેઓ ઘરે આવતા રહેલા અને પોલીસ સ્ટેશન જઇ તેમની ભોગબનાર દિકરીએ ફરિયાદ આપેલી. વધુમાં, તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, આરોપી હાલ પણ તેઓ પાલનપુર ખાતે મજુરી અર્થે આવે ત્યારે તેમના ઘર આગળ દારૂ પીને અવર જવર કરે છે.

(એ) ભોગબનનારના પિતાની આરોપી તરફે કરેલ ઉલટ તપાસ જોવામાં આવે તો, તેઓએ સ્વીકારેલ છે કે, હાલના બનાવ અને આરોપીએ કરેલ ફરિયાદના બનાવના અગાઉ કયારેય પણ તેમને અને આરોપી વચ્ચે કોઇ રૂબરુ વાતચીત થયેલ નહી. તેઓ આરોપીને બનાવના અગાઉ સમયથી રીક્ષા ચલાવતા હતા ત્યારથી ઓળખે છે. વધુમાં, તેઓ જણાવે છે કે, તેમના ઘરે ગોળી બીસ્કીટ વાળું પતરાનું કેબીન બનાવેલ છે અને આ કેબીન રોડને અડીને મુકેલ છે. જે રોડ પાકો રોડ છે અને આ રોડ મજાદર જવા માટે અને માલોસણા ગામમાં આવવા જવા માટેનો પાકો રોડ આવેલ છે. આ કેબીન સવારના સાતથી રાતના આઠેક વાગ્યા

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોકસો એકટ) તથા
બીજા એડી. સેશન્સ જજ, પાલનપુર.

સુધી ચાલુ રાખે છે. તેઓએ સ્વીકારેલ છે કે, બનાવવાળા ઘર આગળના રોડથી ગામના લોકો તથા અન્ય લોકોની સતત અવર જવર ચાલુ રહે છે તેમજ ટુ–વ્હીલર અને ફોર–વ્હીલર સાધનોની અવર જવાર ચાલું રહે છે. વધુ ઉલટ તપાસમાં તેઓ જણાવે છે કે, તેમના ઘરે જે કુતરો હતો તે દેશી કુતરો હતો અને આ કુતરો રોડ ઉપરનું ઘર હોઇ ઘરમાં કોઇ ઘુસી ન જાય તેમજ કેબીનમાં કોઇ ચોરી ન થાય તે બાબતે ઘરની સેફટી અને સલામતી માટે રાખવામાં આવેલ હતો. આ કુતરો તેમના ઘરના વિસ્તારમાં કોઇ અજાણ્યો માણસ ઘુસે તો તેને ઘુસવા દેતો નહી અને તેઓને ભસતો. કુતરો આવતા જતા બધા લોકોને ભસવા લાગતા કુતરો કરડી ન જાય તે બાબતે તેને ઘણી વાર બાંધીને રાખતા હતા. વધુ ઉલટ તપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, આરોપી પ્રથમ વખત તેમના ઘરના કેબીન પાસેથી નીકળેલ ત્યારે તેમનો કુતરો તેને ભસવા લાગેલો, કુતરો ભસતો આરોપીએ તેને પથ્થર મારેલા. ત્યારબાદ તેમના ઘર પાસેથી આરોપી જેટલી પણ વખત નીકળતો ત્યારે કુતરો તેને ભસવા લાગતો. અવાર નવાર આરોપીને તેમનો કુતરો ભસતો આરોપીએ તેમની ગેરહાજરીમાં લાકડી વડે માર મારેલો. આરોપી તેમના ઘર વિસ્તારમાં આવ્યો એટલે કુતરાએ આરોપીને બટકું ભરેલું. વધુમાં, તેઓ જણાવે છે કે, હાલનો બનાવ તેઓએ નજરે જોયેલ નથી. વધુ ઉલટ તપાસમાં તેઓ સ્વીકારે છે કે, આરોપીએ તેમના કુતરાને માર મારતા તેઓને તેઓ ઠપકો આપવા ગયેલા ત્યારબાદ આરોપીએ તેમના અને તેમની પત્નીના વિરૂધમાં છાપી પો.સ્ટે. માં તેઓ અને તેમની પત્નીએ આરોપીને માર માર્યા અંગેની તેમજ એટ્રોસીટી અન્વયેની ફરિયાદ તા. ૯/૦૨/૨૦૨૫ ના રોજ આપેલી. તેઓએ સ્વીકારેલ છે કે, આરોપી દવાખાનામાં દાખલ હતો ત્યારે તેઓ, તેમની પત્ની અને તેમની બહેન જમનાબેન

તેઓ ત્રણ જણા આરોપીને દવાખાને મળવા સારૂ ગયેલા. તેઓએ ઇન્કાર કરેલ છે કે, તે સમયે આરોપીએ સમાધાન અંગેની કોઇ વાતચીત કરેલી નહી. તેઓએ સ્વીકારેલ છે કે, આરોપીને કુતરો કરડયા અંગે અને દવાખાનાના ખર્ચા અંગે તેઓએ કોઇ વાતચીત કરેલ નહી. વધુમાં, તેઓ સ્વીકારે છે કે, તેમના ઉપર એટ્રોસીટીનો જે કેસ થયેલ તેમાં તેઓ અને તેમની પત્ની જામીન ઉપર છુટેલા છે અને સદરહું કેસ ત્રીજા એડી. સેશન્સ જજ સાહેબની કોર્ટમાં એટ્રોસીટી કેસ નં. ૯/૨૦૨૫ થી ચાલુ છે.. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગબનનારે હાલના બનાવની ફરિયાદ તા. ૧/૦૩/૨૦૨૫ ના રોજ કરેલી છે તે અગાઉ કોઇ ફરિયાદ લખાવેલ નથી. તેઓ સ્વેચ્છાએ જણાવે છે કે તેઓએ કોર્ટમાં એક અરજી દાખલ કરેલી. તેઓએ આવી કહેવાતી અરજી કેસના કોઇ કામે કોઇ જગ્યાએ રજુ કરેલ નથી. તેઓએ એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે, આરોપીએ તેમના ઉપર એટ્રોસીટીની ગંભીર ફરિયાદ કરેલ હોઇ અને તે ફરિયાદમાં તે સમાધાન ન કરતો હોય આરોપી ઉપર દબાણ લાવવા હાલની ખોટી ફરિયાદ દાખલ કરી ખોટો કેસ કરેલ છે.

આમ, ભોગબનનારના પિતાનો પુરાવો જોતાં તેઓએ બનાવ નજરે જોયેલ નથી પરંતુ ભોગબનનારે તેની સાથે જે બનાવ બનેલ તેની તેના માતા પિતાને કરેલી અને તે હકીકતને સાહેદ કે જેઓ ભોગબનનારના પિતા છે તેઓ તેમની સોગંદ પરની જુબાનીથી ભોગબનનારના પુરાવાને સંપુર્ણપણે સમર્થન આપે છે. આરોપી તરફે એવો બચાવ લેવામાં આવેલ છે કે, આરોપીએ ભોગબનનારના માતા પિતા સામે એટ્રોસીટીનો કેસ કરેલ હોય અને તે કેસમાં સમાધાન કરવા માટે દબાણ લાવવા સારૂં હાલનો ખોટો બનાવ ઉભો કરી ખોટો કેસ કરેલ હોવાનો જે બચાવ લીધેલ છે તે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. કારણ કે,

આરોપી તા. ૦૯/૦૨/૨૦૨૫ ના રોજ ભોગબનનારના માતા પિતા અને બહેન તથા ભાઈ સમુહ લગ્નમાં પાલનપુર મુકામે ગયેલા હતા અને ભોગબનનાર તેના ઘરે એકલી હતી તે સમયે આરોપી ભોગબનનારની એકલતાનો લાભ ઉઠાવવા માટે તેણીના ઘરની ઓસરીમાં પ્રવેશ કરેલ છે અને તે સમયે ભોગબનનારના ઘરની આગળ કુતરો બાંધેલ હોય જે કુતરો ભસવા લાગતાં અને જે આરોપીને કુતરો કરડેલ છે અને ભોગબનનાર જે પોતાના ઘરમાં પોતું મારતી હતી તે ઘરની બહાર નીકળી જોતાં આરોપી તેણીના ઘરની ઓસરીમાં આવી ગયેલ હોય ભોગબનનાર કે જે એકલી જ ઘરે હોય તેણી ઘરમાંથી બહાર દોડીને જતી રહેલ છે, અને કોઈ અજાણ્યા માણસના મોબાઈલથી તેણીના પિતાને ફોન કરી આરોપી તેમના ઘરે આવેલ હોવાની હકીકત જણાવેલ છે અને ભોગબનનારના માતા પિતા ઘરે આવ્યા બાદ બનાવની વાત કરેલ છે અને ત્યારબાદ ભોગબનનારના માતા પિતા આરોપીના ઘરે કહેવા ગયેલા છે, તે જોતાં આરોપીને એવો ડર હશે કે ભોગબનનાર તેના ઉપર ફરિયાદ કરશે જેના કારણે આરોપીએ તેજ તારીખે એટલે કે તા. ૯/૦૨/૨૦૨૫ ના રોજ ભોગબનનારના માતા પિતા વિરૂધ્ધ એટ્રોસીટી અંગેની ફરિયાદ કરેલ હોય તેવું ચોકકસપણે જણાય આવે છે. જેથી બચાવપક્ષની દલીલ ટકવા પાત્ર રહેતી નથી.

(૨૬) ભોગબનનરાની માતાએ તેમની આંક. ૨૫ ની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ, તેમના પતિ, તેમની દિકરી કિંજલ તથા પુત્ર ક્રિશ સાર્વજનિક સમુહ લગ્ન ધનીયાણા ખાતે ગયેલા હતા અને ભોગબનનાર એકલી ઘરે હતી. ત્યાર બાદ ૧૦ થી ૧૦-૧૫ ના સમયે તેમની પુત્રીનો ફોન તેમના પતિના મોબાઈલ ફોન ઉપર આવેલો અને તેમની પુત્રીએ તેમના પતિને કહેલ કે, આપણા

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોક્સો એક્ટ) તથા
બીજા એડી. સેશન્સ જજ, પાલનપુર.

ગામના કિર્તીભાઇ વીરાભાઇ સોલંકી તેણી ઘરમાં કામ કરતી હતી અને તેમનો કુતરો ભસવા લાગતાં તેણી બહાર જઇને જોયેલ તો આ કિર્તીભાઇ તેમના ઘર તરફ આવતા હતા અને તેઓ તેમના ઘરની અંદર આવતા હતા જેથી તેણી ગભરાઇને દોડીને તેમના ઘરની બહાર નીકળી ગયેલી, જેથી તેમને ઘરે જલ્દી આવવાનું કહેલ. આમ, ભોગબનનારે તેની જુબાનીમાં જે હકીકત જણાવેલ છે તેને આ સાહેદ કે જે તેની માતા છે તેઓના પુરાવાથી પણ સમર્થન મળે છે. વધુમાં, સદર સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે, તેઓ ઘરે આવતાં તેમની દિકરી ભોગબનનારે વાત કરેલી અને તેઓએ તેમની દિકરીને પુછતાં તેમની દિકરીએ તેઓને જણાવેલ કે, આ કિર્તીભાઇ તેણીને છેલ્લા ત્રણ મહીનાથી હેરાન કરે છે અને તેણી ગલ્લા ઉપર બેઠી હોય ત્યારે ગલ્લા ઉપર આવીને રૂા. ૧૦૦/– ની નોટ આપે છે અને રૂપીયા બે કે પાંચ ની વસ્તુ લે છે અને બાકીના પૈસા પાછા લેતા નથી અને તેણીને કહે છે કે, તું ખુશ રે અને મને પણ ખુશ કર અને આમ કહીને તેણીના શરીર ઉપર હાથ ફેરવતા હોય છે. જેથી આ વાત સાંભળીને તેઓ તથા તેમના પતિ કિર્તીભાઇના ઘરે વાત કરવા માટે ગયેલા તે વખતે કિર્તીભાઇ ઘરે હાજર હતા અને તેમના ભાઇ ભરતભાઇ વીરાભાઇ સોલંકી, દિનેશભાઇ મઘાભાઇ સોલંકી અને કાન્તીભાઇ મઘાભાઇ સોલંકી આ ત્રણ જણા ઘરે હાજર હતા જેથી તેઓએ તેમને વાત કરી તો તે લોકોએ તેઓને કહેલ કે, કિર્તીભાઇ વિશે કોઇ અમને વાત કરવી નહી અને તમારે જે કરવું હોય તે કરી લો અને ગાળો બોલી અને ઝઘડાનો માહોલ ઉભો કરવા લાવેલ જેથી તેઓ આબરૂના ડરથી ઘરે પાછા આવી ગયેલા. ત્યારબાદ પણ આ કિર્તીભાઇ સુધરતા ન હતા જેથી તેઓએ તેમની ભોગબનનાર દિકરીને લઇને છાપી પો.સ્ટે. માં બનાવની ફરિયાદ આપેલી. આરોપીને કોર્ટ રૂબરુ ઓળખી બતાવેલ છે.

(એ) આ સાહેદની આરોપી તરફે કરેલ ઉલટ તપાસ જોવામાં આવે તો, તેઓ સ્વીકારે છે કે, રોડને અડીને ગલ્લો આવેલો છે અને તેના પછી તેમનું ઘર આવેલ છે. ગલ્લા ઉપર તેઓ બેસતા હતા અને અમુકવાર તેઓ ઘરે કામ કરતા હોય ત્યારે તેમની દિકરી પણ બેસતી. તેઓએ સ્વીકારેલ છે કે, તેમની દિકરી સ્કૂલ સિવાય જયારે પણ બજારમાંથી કોઈ ચીજવસ્તુ લાવી હોય અથવા તો બજારમાંથી વસ્તુ લાવી હોય ત્યારે એકલી કયારેય જતી ન હતી. તેમની દિકરી ભોગબનનાર સ્કૂલે જતી હોય ત્યારે તેની સાથે તેમના બાળકો પણ સ્કૂલે જતા અને સાથે પરત આવતા. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ અને તેમના પતિ ઉપર હાલના આરોપીએ તા. ૯/૦૨/૨૦૨૫ ના રોજ તેમનું કુતરુ તેને કરડતાં અને આરોપીએ તેને માર મારતાં તેઓ તથા તેમના પતિએ આરોપીને માર મારેલો તે બાબતની એટ્રોસીટીની ફરિયાદ કરેલી અને તે ફરિયાદ થવાથી તેઓએ જામીન પણ આપેલા. તેઓએ સ્વીકારેલ છે કે, હાલના બનાવવાળી ફરિયાદ તેઓએ કરી તે અગાઉ તેઓએ આરોપી વિરૂધ્ધ કોઈ અરજી કે ફરિયાદ કે કન્ટ્રોલ રૂમ ઉપર કોઈ જાણ કરેલ ન હતી. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેમના પતિ ઉપર ભોગબનનારે જે ફોન કરેલ અને બનાવની હકીકત જણાવેલ તે અગાઉ તેણે કયારેય પણ જણાવેલ ન હતું. તેઓએ સ્વીકારેલ છે કે, બનાવ તા. ૦૯/૦૨/૨૦૨૫ ના રોજ બનેલ હોવાનું જણાવે છે અને તેની ફરિયાદ તા. ૨/૦૩/૨૦૨૫ ના રોજ દાખલ કરાવેલ. તેઓ સ્વેચ્છાએ જણાવે છે કે, આબરૂના કારણે લેઈટ ફરિયાદ કરેલી. તેઓએ સ્વીકારેલ છે કે, તેમના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, આરોપી ઘર તરફ આવતા તરત જ મારી દિકરી ભોગબનનાર દોડીને રોડ ઉપર જતી રહેલી અને રોડ ઉપર જઈને પછી ફોન કરેલો. મારી દિકરીએ અમને ફોન કર્યા બાદ થોડીવાર

પછીથી મારા ઘરમાં આવી ગયેલી અને તેણે અંદરથી ઘર બંધ કરી દીધેલું. તેઓએ સ્વીકારેલ છે કે, તેમની દિકરી ભોગબનનાર સાથે જે બનાવ બનેલ હોવાનું જણાવે છે તે બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

આમ, ભોગબનનારની માતાનો પુરાવો જોતાં પણ ભોગબનનારની સાથે જે બનાવ બનેલ તેની વાત ભોગબનનાર તેના માતા પિતાને કરેલી અને તે મુજબનો પુરાવો ભોગબનનારની માતાએ કોર્ટ રૂબરુની જુબાનીમાં જણાવેલ છે અને ભોગબનનારના પુરાવાને સંપુર્ણપણે સમર્થન આપેલ છે.

(૨૭) પંચ રૂપેશકુમાર અમરાજી ડામોરને આંક. ૧૧ થી તપાસેલ છે જેઓ ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ છે. સદર પંચ સાહેદ તેની જુબાનીમાં જણાવે છે કે, તા. ૨/૦૩/૨૦૨૫ ના રોજ પોલીસે તેમને માલોસણા ગામે જવાનભાઈ ભાંડવાના ઘરે પંચમાં રહેવા માટે બોલાવેલા હતા. જેથી તેઓ તેમજ બીજા પંચ નાંદોલીયા મહેદીઅલી ત્યાં ગયેલા. તેઓ ગયા ત્યારે તેઓ બે પંચો, પોલીસ તેમજ જયાં ભોગબનનાર હાજર હતાં. ભોગબનનારે બનાવવાળી જગ્યા બતાવેલ. સદરહું બનાવ માલોસણા ગામમાં ભોગબનનારના મકાન આગળ એક લાકડાનું કેબીન પડેલ હતું તેના ઉપર સીમેન્ટનાં પતરાં તથા કેબીનના આગળના ભાગે સીમેન્ટનાં ચાર થાંભલા અને તેના ઉપર લોખંડના પતરાં હતાં. ભોગબનનારે સદરહું જગ્યાએ આરોપી અવાર નવાર આવતો હોવાનું જણાવેલ. સદરહું ગુન્હાવાળી જગ્યાની ચર્તુસીમા જોતાં પુર્વે ફરિયાદીના ઘરની આગળની ખુલ્લી જગ્યા અને ફળીયામાં જવાનો જાહેર રસ્તો, પશ્ચિમે કિશોરભાઈ દેવીપુજકનું મકાન, ઉત્તરે ફરિયાદીનું ઘર તથા દક્ષિણે માલોસણાથી નળાસર જવાનો જાહેર રસ્તો છે. જે મુજબનું

પંચનામું ભોગબનનારે બતાવેલ જગ્યાનું પોલીસે તેઓ પંચોના જણાવ્યા મુજબનું લખી લીધેલ અને તેમને વાંચી સંભળાવેલ અને જેમાં પંચ નં. ૧ તરીકે તેમની અને પંચ નં. ૨ તરીકે તેમની હાજરીમાં નાંદોલીયા મહેદીઅલીએ સહી કરેલ. જે પંચનામું આંક. ૧૨ થી આ કામે રજુ થયેલ છે.

(એ) સદર પંચ સાહેદની આરોપી તરફે કરેલ ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, બનાવવાળી જગ્યા ઉપર જાહેર રોડ આવેલ છે અને આ રોડ ઉપર ગામના લોકોની અવર જવર ચાલું હોય છે. આ કેબીન રોડને અડીને આવેલ હતું. કેબીનથી થોડે પાછળના ભાગે ફરિયાદીનું ઘર આવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, આ રોડ ઉપર ટુ વ્હીલર અને ફોર વ્હીલર અવર જવર તેમજ વાહનોની અવર જવર ચાલુ હતી. તેઓએ એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે, પો.સ્ટે. જઇને પંચનામામાં સહીઓ કરેલી અને તેમની હાજરીમાં કોઇ પંચનામું થયેલ નથી. આમ, પંચ સાહેદના પુરાવાથી ગુન્હાવાળી જગ્યાના પંચનામાની હકીકતને સંપુર્ણપણે સમર્થન મળે છે.

(૨૮) પંચ સાહેદ હિતેશભાઇ જવાનભાઇ ઠાકોરને આંક. ૧૫ થી તપાસેલ છે જેઓ ભોગબનનારની શરીરસ્થિતિના પંચનામાના પંચ છે અને તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં પોલીસે તેમની કોઇ લખાણ કરેલા કાગળમાં સહી કરાવેલી, સહી શા બાબતે કરાવેલી તે તેમણે પોલીસને પુછેલું નહી કે પોલીસે તેમને આ બાબતે કંઇ જણાવેલ નહી. બીજા પંચ જયંતિલાલ નારણભાઇ મેજીયાતર ને આંક. ૧૭ થી તપાસેલ છે અને તેઓ પણ પોલીસે તેને કોઇ લખાણ કરેલા કાગળમાં તેમની સહી કરાવેલ તે સિવાય પંચનામાની હકીકત અંગે કશુ જણાવતા નથી. આ બંને પંચ સાહેદોને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી એ.પી.પી. શ્રી દ્વારા તેમની કરવામાં આવેલ ઉલટ તપાસથી

પણ પંચનામાની લેશમાત્ર હકીકતને સમર્થન આપતા નથી. પરંતું તેમની જુબાનીથી પંચનામામાં તેમની સહી કરેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. આ બાબતે પંચનામાં તેમજ પંચ સાહેદોના પુરાવાની મુલવણી કરતાં અગાઉ સ્પષ્ટતા કરવાનું ઉચિત જણાય છે કે, પંચનામાંના પંચ સાહેદ ફરી ગયેલા જાહેર થવાથી કે પંચનામાની હકીકતને સમર્થન ન આપવાના કારણસર પંચનામું પુરાવામાં ગ્રાહય રાખી આરોપી વિરૂધ્ધ ઉપયોગમાં ન લઈ શકાય તેવો કોઈ નિયમ નથી. પંચનામું તે પંચોની હાજરીમાં એટલે કે, સ્વતંત્ર સાહેદોની હાજરીમાં કરવું તે ડહાપણનો નિયમા છે, નહિ કે કાયદાનો. આ બાબતે નામદાર સુપ્રિમકોર્ટના **<u>૨૦૦૧, ક્રિ.લો.જ. પાન નં.૫૦૪ ઉપર પ્રસિધ્ધ થયેલ સ્ટેટ ગવર્નમેન્ટ એન.સી.ટી.ઓફ દિલ્હી વિરૂધ્ધ સુનિલ</u>** ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. સદરહું ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટે નીચે મુજબ ઠરાવેલ છે :

"There is no requirement either under Section 27 of the Evidence Act or under Section 161 of the Code of Criminal Procedure, to obtain signature of independent witnesses on the record in which statement of an accused is written. The legal obligation to call independent and respectable inhabitants of the locality to attend and witness the exercise made by the police is cast on the police officer when searches are made under Chapter VII of the Code. Section 100(5) of the Code requires that such search shall be made in their presence and a list of all things seized in the course of such search and of the places in which

they are respectively found, shall be prepared by such officer or other person "and signed by such witnesses". It must be remembered that search is made to find out a thing or document which the searching officer has no prior idea where the thing or document is kept. He prowls for it either on reasonable suspicion or on some guess work that it could possibly be ferreted out in such prowling. It is a stark reality that during searches the team which conducts search would have to meddle with lots of other articles and documents also and in such process many such articles or documents are likely to be displaced or even strewn helter-skelter. The legislative idea in insisting on such searches to be made in the presence of two independent inhabitants of the locality is to ensure the safety of all such articles meddled with and to protect the rights of the persons entitled thereto. But recovery of an object pursuant to the information supplied by an accused in custody is different from the searching endeavour envisaged in Chapter VII of the Code. (Para 18)

"It is an archaic notion that actions of the police officer should be approached with initial distrust. We are aware that such a notion was lavishly entertained during British period and policemen

also knew about it. Its hang over persisted during post-independent years but it is time now to start placing at least initial trust on the actions and the documents made by the police. At any rate, the court cannot start with the presumption that the police records are untrustworthy. As a proposition of law the presumption should be the other way around. That official acts of the police have been regularly performed is a wise principle of presumption and recognised even by the legislature. Hence when a police officer gives evidence in court that a certain article was recovered by him on the strength of the statement made by the accused it is open to the court to believe the version to be correct if it is not otherwise shown to be unreliable. It is for the accused, through cross-examination of witnesses or through any other materials, to show that the evidence of the police officer is either unreliable or at least unsafe to be acted upon in a particular case. If the court has any good reason to suspect the truthfulness of such records of the police the court could certainly take into account the fact that no other independent person was present at the time of recovery. But it is not a legally approvable procedure to presume the police action as unreliable to start with, nor to jettison such

action merely for the reason that police did not collect signatures of independent persons in the documents made contemporaneous with such actions. (Para 20)"

(૨૯) નામદાર સુપ્રિમકોર્ટનો ઉપરોકત ચુકાદો તાજેતરમાં નામદાર **ગુજરાત હાઈકોર્ટે ૨૦૧૬(૨), જી.એલ.આર. પાન નં. ૧૮૦૯** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં પુનરોચ્ચાર કરી તે સિધ્ધાંતને સમર્થન આપે છે.

(૩૦) પી.એસ.ઓ. મુકેશભાઈ દલજીભાઈ ને આંક. ૨૬ થી તપાસેલ છે. જેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, પી.આઈ. એચ.આર. વાઘેલા રૂબરુની ફરિયાદ ગુનો રજીસ્ટર થવા સારૂ તેમની તરફ આવતાં, તેઓએ ગુનો રજીસ્ટર કરી સુચીપત્ર તૈયાર કરી આગળની તપાસ પી.આઈ. શ્રી એચ.આર. વાઘેલાને સુપ્રત કરેલી. ઉલટ તપાસમાં જણાવે છે કે, તેમના ઉપરી અધિકારી સમક્ષ ફરિયાદ આવતાં તેઓએ ફરિયાદ રજીસ્ટર કરી ગુનો દાખલ કરેલો, તે સિવાય કોઈ કાર્યવાહી કરેલ નથી. તેમની સમક્ષ ફરિયાદીએ કોઈ હકીકત જાહેર કરેલ નથી. ફરિયાદ એચ.આર.વાઘેલા એ લીધેલી હતી અને સદર ગુનાની તપાસ માંગતા તેની તપાસ તેમને સોંપેલી.

આમ આ સાહેદે માત્ર ફરિયાદ આધારે ગુનો રજીસ્ટર કરેલ છે તે સિવાય તેમને બનાવ અંગે કોઈ જાત માહિતી નથી કે બનાવ અંગે તેઓ કશું જાણતા નથી.

(૩૧) ત.ક.અધિકારી હીનાબેન રણછોડભાઈ વાઘેલાને આંક. ૨૯ થી તપાસેલ છે. તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, ફરિયાદીએ તેઓ રૂબરૂ ફરિયાદ હકીકત જાહેર કરતાં તેના

લખાવ્યા મુજબની ફરિયાદ હકીકત લખી લીધેલ અને ગુનો રજીસ્ટર કરવા સારૂ પી .એસ.ઓ. ને મોકલી આપતાં, પી.એસ.ઓ. એ ગુનો રજીસ્ટર કરી ગુનાની તપાસ તેમની તરફ મોકલી આપતાં, તેઓએ ગુનાની તપાસ સંભાળી સરકારી પંચો રૂબરુ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ , આરોપીની શરીરસ્થિતિતનું પંચનામં કરેલ તેમજ આરોપીના મેડીકલ પરીક્ષણો કરાવી અને તેમના સર્ટી તપાસના કામે સામેલ રાખેલ, ભોગબનનારનું બી.એન.એસ.એસ. ની કલમ−૧૮૩ મુજબનું નિવેદન લેવડાવેલ અને તપાસના કામે સામેલ રાખેલ. આરોપીને અટક કરેલ, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ. આમ તેમની તપાસને અનુરૂપ પુરાવો આપેલો છે.

(એ) આરોપી તરફે કરેલ તેમની ઉલટ તપાસમાં ત.ક.અધિકારીએ જણાવેલ છે કે, ગુનાની ફરિયાદ તેઓએ લીધેલી અને તપાસ પણ તેઓએ સંભાળેલી. તેઓએ સ્વીકારેલ છે કે, ફરિયાદી પોતાના લાકડાવાળા કેબીનમાં કઇ કઇ ચીજવસ્તુઓનો વેપાર કરે છે તે બાબતે કેબીન ખોલીને કોઇ તપાસ કરેલ નથી. બનાવ અગાઉ હાલના આરોપીએ ભોગબનનારનો પીછો કરેલ હોય અને રેકી કરેલ હોય અને તેની છેડતી કરેલ હોય તેવું તપાસમાં ખુલેલ નહી કે તે બાબતની કોઇ ફરિયાદ કે અરજી બનાવ અગાઉ કયારેય આવેલ નથી. બનાવ તા. ૯/૦૨/૨૦૨૫ નો બતાવેલ છે જયારે તેની ફરિયાદ તા. ૧/૦૩/૨૦૨૫ ના રોજ દાખલ કરેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, આ સમયગાળા દરમ્યાન ભોગબનનાર કે તેના માતા પિતાએ સદરહું બનાવની કોઇને વાત કરેલ હોય કે ફરિયાદ કરેલ હોય કે અરજી કરેલ હોય તેવું પણ તેમની તપાસમાં ખુલેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, સદરહું બનાવમાં ભોગબનનારના માતા પિતા સિવાય અન્ય

કોઇ વ્યકતિઓની પુછપરછ કરેલી નથી. વધુ ઉલટ તપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, તા. ૯/૦૨/૨૦૨૫ ના રોજ ભોગબનનારના માતા પિતાએ તેઓના કુતરાને આરોપીએ માર મારેલ હતો જેથી તેના માતા પિતાએ આરોપીને મારેલો જે બાબતેની ફરિયાદ આરોપીએ ભોગબનનારના માતા પિતા ઉપર કરાવેલ હતી. તે ફરિયાદ છાપી પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૫૦૦૯૨૫૦૦૩૬/૨૦૨૫ થી તા. ૦/૦૨/૨૦૨૫ ેના રોજ બી.એન.એસ. ની કલમ– ૧૧૫(૨),૧૧૭(૨),૨૯૬(બી) ૫૪ તથા એટ્રોસીટી એકટની કલમ– ૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–એ) મુજબની દાખલ કરાવેલ હતી. તેઓએ સ્વીકારેલ છે કે, તે ફરિયાદમાં ભોગબનનારના માતા પિતાએ તેના હાથ અને પગ ઉપર ઈજાઓ કરેલ હતી અને આરોપી દવાખાનામાં દાખલ થયેલ હતો. તેઓએ સ્વીકારેલ છે કે, આ કામના ભોગબનનાર તેમની પાસે જયારે ફરિયાદ લખાવવા આવેલ ત્યારે તે વખતે તેઓએ હાલના આરોપીએ તેના માતા પિતા ઉપર બનાવના દિવસે ફરિયાદ દાખલ કરાવેલ હતી તે બાબતનો કોઇ ઉલ્લેખ ફરિયાદમાં કે તેમની રૂબરુમાં કરેલ ન હતો. તેઓએ સ્વીકારેલ છે કે, બી.એન.એસ.એસ. ની જોગવાઇ મુજબ જયારે પણ કોગ્નીઝેબલ ગુનાની ફરિયાદ કરવા કોઈ પણ વ્યકિત આવે ત્યારે ફરિયાદ દાખલ કરવી પડે પછી ફરિયાદીની ફરિયાદ સાચી હોય કે ખોટી તે તપાસનો વિષય છે. બાકીની હકીકતોનો તેઓએ ઈન્કારીયતમાં જવાબ આપેલો છે.

(૩૨) આ કામે આરોપીપક્ષ તરફે આંક. ૪૨ થી ત.ક.અધિકારી જીગ્નેશકુમાર જીતેન્દ્રભાઇ ગામીતને તપાસેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેમની ફરજ ઉપર હાજર હતા ત્યારે તા. ૦૯/૦૨/૨૦૨૫ ના રોજ તેમને છાપી પો.સ્ટે. ગુન્હા રજીસ્ટર નં. ૧૧૧૯૫૦૦૯૨૫૦૦૩૬/૨૦૨૫ થી બી.એન.એસ. ની

કલમ-૧૧૫(૨),૧૧૭(૨),૨૯૬(બી),૫૪ તથા એટ્રોસીટી એકટની કલમ- ૩(૧)(આર)(એસ), ૩(૨)(૫-એ) મુજબની ફરિયાદની તપાસ તેમને સોંપવામાં આવેલી. સદરહું ગુનાની એફ.આઇ.આર.ની નકલ આંક. ૪૩ થી, ચાર્જશીટની સર્ટીફાઇડ નકલ આંક. ૪૪ થી, ગુનાના ફરિયાદી કિર્તીભાઇ વીરાભાઇ સોલંકીની ફરિયાદ આંક. ૪૫ થી, ફરિયાદી કિર્તીભાઇનું વિશેષ નિવેદન આંક. ૪૬, ફરિયાદી કિર્તીભાઇનું ડી.વાય.એસ.પી. શ્રી બી.એમ. પરમાર રૂબરુનું નિવેદન આંક. ૪૭, ફરિયાદીની .સારવારનું સર્ટીફીકેટ આંક. ૪૮ અને ફરિયાદીને થયેલ ઇજાના ફોટા આંક. ૪૯ થી રજુ થયેલ છે.

(૩૩) આમ, ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો , ભોગબનનાર તા. ૦૯/૦૨/૨૦૨૫ ના રોજ સાડા નવથી દસેક વાગ્યાના સુમારે તેણીના ઘરે એકલી હતી અને તેણીના મમ્મી પપ્પા અને ભાઇ બહેન પાલનપુર મુકામે લગ્ન પ્રસંગમાં ગયેલા હતા તે દરમિયાન ભોગબનનાર પોતાના ઘરમાં પોતું કરી રહી હતી ત્યારે આરોપી ભોગબનનારની એકલતાનો લાભ લેવા સારૂ તેણીના ઘરની ઓસરીમાં આવેલો અને તે દરમ્યાન ભોગબનનારના ઘરની ઓસરીમાં એંગલ સાથે બાંધેલ કુતરો આરોપીને જોઇ ભસવા લાગતાં ભોગબનનારે તેના ઘરની બહાર આવીને જોયેલ તો આરોપી તેણીના ઘરની ઓસરીમાં આવેલ હોય અને તેણી એકલી હોય દોડીને ઘરની બહાર જતી રહેલી અને તે વખતે આરોપીએ તેણીની બાજુમાં આવી કહેલ કે, હું તારા ઘરે આવેલ છું તેવી વાત તારા મમ્મી પપ્પાને કહેતી નહી નહીતો તેમને જાનથી મરાવી નાંખીશ તેવી ધમકી આપી જતો રહેલ. ત્યારબાદ ભોગબનનાર રસ્તામાં કોઇ ભાઇ જતા હતા તેમના ફોનથી તેણીના મમ્મી-પપ્પાને ફોન કરી બનાવની વાત

કરેલ છે અને તેણીના મમ્મી–પપ્પા તથા ભાઈ બહેન ઘરે પરત આવેલા તે વખતે બનાવની વાત કરેલી અને ત્યારબાદ તેણીના મમ્મી પપ્પા આરોપીના ઘરે કહેવા જતાં આરોપીના ઘરે ભરતભાઈ વિરાભાઈ સોલંકી, દિનેશભાઈ મઘાભાઈ સોલંકી, કાન્તીભાઈ મઘાભાઈ સોલંકી હાજર હોય તેમને વાત કરેલી જેથી તેઓએ ભોગબનનારના મમ્મી પપ્પાને ગાળો બોલેલી અને ત્યારબાદ બનાવ સંબંધે તેમની પોલીસ સ્ટેશનમાં બદનામી ન થાય તે માટે કેસ કરેલ નહી પરંતું આરોપી ભોગબનનારને અવાર નવાર હેરાન પરેશાન કરતા હોઈ ત્યારબાદ આરોપી વિરૂધ્ધ ફરિયાદ આપેલી છે. વધુમાં, આ બનાવની પહેલાં પણ ભોગબનનાર તેની મમ્મીની ગેરહાજરીમાં તેણીના ઘરની આગળ આવેલ દુકાન ઉપર બેઠેલ હોય તે સમયે આરોપી દુકાને આવી રૂા. ૧૦૦/– ની નોટ તેણીને આપતા અને પાંચ કે દસ રૂપીયાની વસ્તુ લેતા હતા અને બાકીના પૈસા ભોગબનનાર આરોપીને પાછા આપતી ત્યારે આરોપી તેણીને કહેતો કે આ પૈસા તું તારી પાસે રાખ અને દુકાનમાં વસ્તુ લેવાના બહાને ભોગબનનારના શરીર સાથે આરોપી હાથ ફેરવતા અને જયારે ભોગબનનાર ઘરકામ કરતી હોય ત્યારે પણ આરોપી ગંદા ગંદા ઈશારા કરતા અને તેણીની સાથે ફરીને આરોપી પેશાબ જેવી હરકતો પણ કરતો હતો. આમ, ભોગબનનારે તેણીના સમગ્ર પુરાવામાં આરોપીએ તેણીની સગીરાવસ્થાનો લાભ લઈ તેણી જયારે દુકાને બેસતી હતી તે સમયે તેણીના શરીર સાથે હાથ ફેરવતો હતો અને ભોગબનાર જયારે તેણીના ઘરે એકલી હતી ત્યારે તેણીની એકલાતનો લાભ લેવા સારૂ આપી તેણીના ઘરની ઓસરીમાં ગયેલ છે અને ભોગબનનારને ગંદા ગંદા ઈશાર કરતો તેમજ પેશાબ જેવી હરકતો કરતો હતો હોવાની હકીકત જણાવે છે. ભોગબનનારના પુરાવાને તેણીના પિતા અને માતાના

પુરાવાથી પણ સમર્થન મળે છે. ભોગબનનારના માતા પિતાએ પણ તેમના પુરાવામાં બનાવ સમયે તેઓ પાલનપુર ખાતે સમુહ લગ્નમાં ગયેલા હતા અને તેમની ભોગબનનાર દિકરી ઘરે હતી અને કોઇ અજાણ્યા નંબર ઉપરથી તેમની દિકરીએ ફોન કરીને આરોપી તેમના ઘરમાં ઘુસી ગયેલ અને ભોગબનનાર દિકરી સાથે છેડછાડ કરેલ હોવાની હકીકત જણાવેલ છે. આથી ભોગબનનારની જુબાની વિશ્વસનિય હોય અને માનવાલાયક જણાય છે, અને જયારે ભોગબનનારની જુબાની વિશ્વસનિય અને માનવા લાયક જણાય ત્યારે તેના પુરાવાને અન્ય કોઇ સાહેદના પુરાવાથી સમર્થન ન મળે તો પણ તેના પુરાવાને માની શકાય. બચાવપક્ષે વકીલશ્રીએ દલીલ કરેલ છે કે, બનાવ સ્થળે ગલ્લા ઉપર છોકરાઓથી માંડીને ગામના વ્યકિતઓ જે આ રોડ ઉપરથી નીકળતા હોય તેવા લોકો આવતા જતા હતા, ગામથી ગલ્લા ઉપર આવીએ તે દરમ્યાન રસ્તામાં ઘણા બધા ગલ્લા અને દુકાનો આવેલ છે. કેબીન ઉપર ગામના અને આજુબાજુના લોકો ચીજવસ્તુઓ લેવા સારૂ આવતા હોય છે તેમજ ચીજવસ્તુઓ લેવા વાળા વ્યકિતઓ પાસે છુટા પૈસા ના હોય અથવા તો ગલ્લામાં છુટા પૈસા ના હોય તો તેવા સમયે પૈસા ઘણી વખત જમા પણ રાખે છે અને બાકી પણ રાખતા હોય છે તેમ છતાં કોઇ સ્વતંત્ર સાહેદોને આ કામે તપાસેલ નથી તે જોતાં આવો કોઇ બનાવ બનેલ નથી. પરંતું સામાન્ય રીતે અન્ય લોકો એકબીજાના સગા સંબંધી અને સેહ શરમમાં કોર્ટ કેસમાં સાહેદ તરીકે તૈયાર થતા નથી અને ત.ક.અધિકારીએ તેવા કોઇ સાહેદોના નિવેદન ન લીધા હોય તો તેનાથી ભોગબનનારનાં પુરાવાને ન માની શકાય તેવી જે રજુઆત કરેલ છે તે માનવાપાત્ર નથી. ભોગબનનારના પુરાવાને સાહેદોના પુરાવાથી સંપુર્ણપણે સમર્થન મળે છે તેમજ ભોગબનનાર તેણીના મમ્મી

પપા લગ્નમાંથી પરત આવેલ ત્યારે બનાવ અંગેની વાત કરેલી છે જે હકીકતને તેણીના મમ્મી પપ્પાના પુરાવાથી સમર્થન મળે છે. આમ, ઉપરોકત તમામ હકીકતો અને સંજગોમાં અને ઉપર ચર્ચા કર્યા મુજબ બંનેપક્ષની રજુઆત ધ્યાને લેતાં, બચાવપક્ષે જે ઉપરોકત દલીલ કરેલ છે તે તમામ તેઓને મદદકર્તા થતી નથી, અને તે રજુઆત માની શકાય તેમ નથી.

(૩૪) વધુમાં, આ કામે **બી.એન.એસ, ૨૦૨૩ ની કલમ–૭૫(૧)(૧)** (૨) ની વ્યાખ્યા જોતાં,

(૧) કોઇ પુરૂષ નીચેનામાંથી કોઇ પણ કૃત્ય કરશે,

૧. શારીરિક સ્પર્શ અને અનિચ્છીત સ્પષ્ટ જાતિય માગણી તરફ આગળ વધવામાં સંડોવણી કરે : અથવા

૨. જાતિય તરફદારી અંગેની માગણી અથવા વિનંતી કરે,

કોઈપણ પુરૂષ, જે પેટા–કલમ (૧) ના ખંડ (૧) અથવા ખંડ (૨) અથવા ખંડ (૩) માં નિર્દિષ્ટ ગુનો કરે, તેને ત્રણ વર્ષ સુધીની સખત કેદની અથવા દંડ અથવા બંને શિક્ષાની જોગવાઇ છે.

વધુમાં, **બી.એન.એસ., ૨૦૨૩ ની કલમ–૩૫૧(૩)** ની વ્યાખ્યા જોતાં, ગુન્હાહિત ધમકી.

જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા વગેરે કરવાની હોય તો જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઇ મિલ્કતનો નાશ કરવાની અથવા મોતની અથવા આજિવન કેદની અથવા સાત વર્ષ સુધીની કેદની શિક્ષાને પાત્ર ગુન્હો કરવાની હોય અથવા કોઇ સ્ત્રી ઉપર ચારિત્ય હીનતાનું આળ મૂકવાનું હોય, તો તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની અથવા દંડની

અથવા તે બંને શિક્ષાની જોગવાઈ છે.

(૩૫) આમ, ઉપરોકત ભોગબનનારનો સમગ્ર પુરાવો (સરતપાસ તથા ઉલટ તપાસ) આવરી લેવામાં આવેલ છે. બનાવના સૌથી મહત્વના સાહેદ એવા ભોગબનનારનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો, ભોગબનનારે પોતાની આપવીતી અને તેણીની સાથે બનવા પામેલ બીનાની સંપુર્ણ હકીકત સ્પષ્ટ શબ્દોમાં જણાવેલી છે. ભોગબનનાર મુદ્દા નં. ૧ માં ચર્ચા કરી તે પ્રમાણે બનાવ વખતે સગીર વયની હતી ત્યારે તેનો જાતિય ગુન્હાઓથી બાળકોનો રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ-૨(ડ) માં આપેલ "**બાળક**" ની વ્યાખ્યામાં સમાવેશ થાય છે. બાળક મોટે ભાગે જોવામાં આવે તો ખોટું બોલે નહી. ઉપરાંત કાયદા ધ્વારા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો મુજબ પણ સગીર વયની ઉંમરનું બાળક સામાન્ય રીતે જુઠુ બોલે જ નહી તેવું અદાલતે માનવું જોઈએ.

(૩૬) ભોગબનનાર બનાવ સમયે બાળ સાહેદ હોય ત્યારે સદર સંદર્ભે નામદાર સુપ્રિમકોર્ટ ધ્વારા **ડોલા ઉર્ફે ડોલાગોબિંદા પ્રધાન અને અન્ય વિ. સ્ટેટ ઓફ ઓડીશા (ફોજદારી અપીલ નં. ૧૦૯૫/૨૦૧૮)** ના ચુકાદામાં ફકરા નં. ૫,૬ તથા ૭ માં કરવામાં આવેલ અવલોકનો ધ્યાને લેવા જરૂરી છે, જે નીચે મુજબ છે :-

5. It is well settled law that if the version of the prosecutrix is believed, basic truth in her evidence is ascertainable and if it is found to be credible and consistent, the same would form the basis of conviction.

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોકસો એકટ) તથા
બીજા એડી. સેશન્સ જજ, પાલનપુર.

Corroboration is not a sine qua non for a conviction in a rape case. The evidence of a victim of sexual assault stands at par with the evidence of an injured witness and is entitled to great weight, absence of corroboration not with standing. If the evidence of the victim does not suffer from any basic infirmity and the "probabilities factor" does not render it unworthy of credence, as a general rule, there is no reason to insist on corroboration, except from medical evidence, where, having regard to the circumstances of the case, medical evidence can be expected to be forthcoming. When a grown up and married woman gives evidence on oath in Court that she was raped, it is not the proper judicial approach to disbelieve her outright.

6. In this regard it would be useful to quote certain observations of this Court in the case of Bharwada Bhoginbhai Hirjibhai vs. State of Gujarat, [(1983) 3 SCC 217] wherein it is observed that:

"10. By and large these factors are not

relevant to India, and the Indian conditions. Without the fear of making too wide a statement, or of overstating the case, it can be said that rarely will a girl or a woman in India make false allegations of sexual assault on account of any such factor as has been just enlisted. The statement is generally true in the context of the urban as also rural Society. It is also by and large true in the context of the sophisticated, not so sophisticated, and unsophisticated society. Only very rarely can one conceivably come across an exception or two and that too possibly from amongst the urban elites. Because: (1) A girl or a woman in the tradition bound non- permissive Society of India would be extremely reluctant even to admit that any incident which is likely to reflect on her chastity had ever occurred. (2) She would be conscious of the danger of being ostracised by the Society or being looked down by the Society including by her own family members, relatives, friends and neighbours. (3) She would have to brave the whole world. (4) She would face the risk of losing the love

and respect of her own husband and near relatives, and of her matrimonial home and happiness being shattered. (5) If she is unmarried, she would apprehend that it would be difficult to secure an alliance with a suitable match from a respectable or an acceptable family. (6) It would almost inevitably and almost invariably result in mental torture and suffering to herself. (7) The fear of being taunted by others will always haunt her. (8) She would feel extremely embarrassed in relating the incident to others being over powered by a feeling of shame on account of the upbringing in a tradition bound society where by and large sex is taboo. (9) The natural inclination would be to avoid giving publicity to the incident lest the family name and family honour is brought into controversy. (10) The parents of an unmarried girl as also the husband and members of the husband's family of a married woman would also more often than not, want to avoid publicity on account of the fear of social stigma on the family name and family honour. (11) The fear of the

victim herself being considered to be promiscuous or in some way responsible for the incident regardless of her innocence. (12) The reluctance to face interrogation by the investigating agency, to face the court, to face the cross examination by Counsel for the culprit, and the risk of being disbelieved, acts as a deterrent.

11. In view of these factors the victims and their relatives are not too keen to bring the culprit to books. And when in the face of these factors the crime is brought to light there is a built-in assurance that the charge is genuine rather than fabricated. On principle the evidence of a victim of sexual assault stands on par with evidence of an injured witness. Just as a witness who has sustained an injury (which is not shown or believed to be self inflicted) is the best witness in the sense that he is least likely to exculpate the real offender, the evidence of a victim of a sex-offence is entitled to great weight, absence of corroboration notwithstanding. And while corroboration in the form of eye

witness account of an independent witness may often be forthcoming in physical assault cases, such evidence cannot be expected in sex offences, having regard to the very nature of the offence. It would therefore be adding insult to injury to insist on corroboration drawing inspiration from the rules devised by the courts in the Western World (Obeisance to which has perhaps become a habit presumably on account of the colonial hangover). We are therefore of the opinion that if the evidence of the victim does not suffer from any basic infirmity, and the "probabilities factors" does not render it unworthy of credence, as a general rule, there is no reason to insist on corroboration except from the medical evidence, where, having regard to the circumstances of the case, medical evidence can be expected to be forthcoming, subject to the following qualification: Corroboration may be insisted upon when a woman having attained majority is found in a compromising position and there is a likelihood of her having levelled such an accusation on account of the

instinct of self-preservation. Or when the 'probabilities factor' is found to be out of tune”. (emphasis supplied)

**7. In Sadashiv Ramrao Hadbe v. State of Maharashtra, [(2006) 10 SCC 92], this Court reiterated that the sole testimony of the prosecutrix could be relied upon if it inspires the confidence of the Court:**

“9. It is true that in a rape case the accused could be convicted on the sole testimony of the prosecutrix, if it is capable of inspiring confidence in the mind of the court. If the version given by the prosecutrix is unsupported by any medical evidence or the whole surrounding circumstances are highly improbable and belie the case set up by the prosecutrix, the court shall not act on the solitary evidence of the prosecutrix. The courts shall be extremely careful in accepting the sole testimony of the prosecutrix when the entire case is improbable and unlikely to happen.”

(૩૭) આ તબક્કે બનાવ સમયે બાળ સાહેદની સાહેદી બાબતે નામદાર સુપ્રિમકોર્ટ ધ્વારા **શમીમ વિ. સ્ટેટ (જીએનસીટી ઓફ દિલ્હી) એ.આઇ.આર. (૨૦૧૮), એસ.સી. ૪૫૨૯** ના ચુકાદામાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત પણ ધ્યાને લેવો જરૂરી છે. સદર ચુકાદામાં નામદાર સૂપ્રિમકોર્ટ ધ્વારા ફકરા નં. (૧૪) અને

(૧૫) માં નીચે મુજબના અવલોકનો કરવામાં આવેલ છે.

**"14. In State of U.P. v. Krishna Master & Ors.(2010) 12 SCC 324 :(AIR 2010 SC 3071, Para 13)), disagreeing with the High Court which had doubted the credibility of a child witness, it was observed:**

"36. ..... This Court fails to understand as to on what principle and on which experience in real life, the High Court made a sweeping observation that it is inconceivable that a child of Madan Lal's understanding would be able to recapitulate facts in his momery witnessed by him long ago. There is no principle of law known to this Court that it is inconceivable that a child of tender age would not be able to recapitulate facts in his memory witnessed by him long ago. This is witness has claimed on oath before the Court that he had seen five members of his family being ruthlessly killed by the respondents by firing gunshots. When a child of tender age witness gruesome murder of his father, mother, brothers, etc. he is not likely to forget the incident for his whole life and would certainly recapitulate facts in his mamory when asked about the same at any point of time, notwithstanding the gap of about ten years between the incident and recording of his evidence.

"37. This Court is of the firm opinion that it would be doing injustice to a child witness possessing a sharp memory to say that it is inconceivable for his to recapitulate facts in his memory witnessed by him long ago. A child of tender age is always

receptive to abnormal events which take place in his life and would never forget those events for the rest of his life. The child would be able to recapitulate correctly and exactly when asked about the same in future. Therefore, the specious ground on which the reliable testimony of PW 2 Madan Lal came to be disbelieved can hardly be affirmed by this Court."

**15. Each criminal trial is but a quest for search of the truth. The duty of a judge presiding over a criminal trial is not merely to see that no innocent person is punished, but also to see that a guilty person does not escape. One is as important as the other. Both are pubic duties which the Judge has to perform. The trial court had erred and misappreciated the evience to arrive at an erroneous conclusion."**

**(૩૮)** નામદાર સુપ્રિમકોર્ટ ધ્વારા ઉપરોકત બંને ચુકાદાઓમાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત સાથે ભોગબનનાર સગીરાનો પુરાવો જોવામાં આવે તો તેણીનો પુરાવો વિશ્વાસપાત્ર અને માનવા લાયક ઉચિત જણાય છે.

**(૩૯)** આ કામે સગીર વયની ભોગબનનાર તેણીના ઘર આગળ કેબીન (ગલ્લા) ઉપર જયારે તેની મમ્મી ઘરકામ કરતી હોય ત્યારે બેસતી હતી તે સમય દરમ્યાન આરોપી કોઈ વસ્તુ લેવાના બહાને કેબીન ઉપર આવી ભોગબનનારને રૂા. ૧૦૦/- ની નોટ આપી પાંચ દસ રૂપીયાની વસ્તુ લઈ બાકીના પૈસા ભોગબનનાર પાછા આપતી ત્યારે પાછા ન લઈ તેણીની પાસે રાખવાનું જણાવી સગીર વયની ભોગબનનારના શરીર ઉપર હાથ ફેરવી છેડતી

કરતો તેમજ ભોગબનનાર સામે ગંદા ગંદા ઈશારા કરી ભોગબનનાર સામે ફરી પેશાબ જેવી હરકતો પણ કરતો હતો, તેમજ ભોગબનનારના મમ્મી પપ્પા અને ભાઇ બહેન જયારે પાલનપુર લગ્નમાં ગયેલ હતા અને ભોગબનનાર એકલી જ ઘરે હતી તે સમયે ભોગબનનારની એકલતાનો લાભ લેવા સારૂ આરોપી ભોગબનનારના ઘરની ઓસરી સુધી પહોંચી ગયેલ છે અને તે દરમ્યાન ભોગબનનારના ઘરની ઓસરીમાં બાંધેલ કુતરો આરોપીને ભસવા લાગતાં ભોગબનનાર જે પોતાના ઘરમાં પોતું મારતી હતી તે કુતરો ભસવાનો અવાજ સાંભળી ઘરની બહાર આવી જોતાં આરોપી તેણીના ઘરની ઓસરીમાં આવી ગયેલ હોય તેણી ગભરાઈ જઈ ઘરની બહાર નીકળી ગયેલ છે. આમ, ઉપરોકત હકીકત જોતાં આરોપી સગીર ભોગબનનારની એકલતાનો લાભ લેવા માંગતો હતો પરંતુ ભોગબનનાર કુતરાનો ભસવાનો અવાજ સાંભળી ઘરની બહાર નીકળી આરોપીને જોતાં ઘરની બહાર જતી રહેલ છે અને તેણીની ઈજ્જત બચી ગયેલ છે. જે ભોગબનનારના પુરાવાને તેણીના બી.એન.એસ.એસ. ની કલમ-૧૮૩ ના મેજીસ્ટ્રેટશ્રી રૂબરુના નિવેદનથી પણ સંપુર્ણપણે સમર્થન મળે છે.

**(૪૦)** જાતીય ગુનાના કિસ્સામાં પુરાવાના મુલ્યાંકન બાબતે નામદાર સર્વોચ્ચ અદાલતે **<u>સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરૂધ્ધ સી.કે. જૈન ૧૯૯૦(૧), એસ.સી.સી. પાના-૫૫૦૯</u>** નાં ચુકાદાના પેરા-૧૬ માં નીચે મુજબ ઠરાવેલ છે.

''......સામાન્ય રીતે ભોગબનનારના પુરાવાને જેવી રીતે ઈજાગ્રસ્ત વ્યકિતને જેટલું વજન આપવું જોઈએ તેટલું આપવું જોઈએ કે જે હિંસાનો ભોગ બનેલ હોય, જયાં સુધી ખાસ સંજોગો ન હોય કે જે વધારે સાવચેતી માંગતા હોય તો એવા કિસ્સામાં જો

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોકસો એકટ) તથા
બીજા એડી. સેશન્સ જજ, પાલનપુર.

તેણીનો પુરાવો વિશ્વાસપાત્ર હોય તો તેણીના પુરાવા આધારે વર્તવું સલામત ગણાશે....''

વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતે તે કેસમાં વધુમાં અવલોકન કરેલ છે કે, :-

ભોગબનનારના પુરાવાને જે સ્થિતિમાં તેણી મુકાયેલી હોય તેની ખાસ સ્થિતિના સંદર્ભમાં મુલવવો જોઇએ. ભોગબનનાર ધ્વારા સામેનાની ગેરહાજરીને તેણીની લાચારીના સંદર્ભમાં જોવી જોઇએ. સામાન્ય રીતે ભારતીય સ્ત્રી કોઇપણ વ્યકિત વિરૂધ્ધ બળાત્કારનો કે છેડતીનો ખોટી રીતે આક્ષેપ નહિ મૂકે જેથી તેના ચારિત્રને અને તેના કુટુંબને અસર થાય.

વધુમાં,આ સંદર્ભમાં નામદાર સુપ્રિમકોર્ટે **દિપક વિ. સ્ટેટ ઓફ હરિયાણાનો ચુકાદો જે ૨૦૧૫, ક્રિ.લો.જ. ૨૦૪૯** ઉપર પ્રસિધ્ધ થયેલ છે તેમાં નામદાર સુપ્રિમકોર્ટે પેરા-ર૭ માં નીચે મુજબ ઠરાવેલ છે :-

**27.** We are alive to the law laid down by this Court wherein it is ruled that in a case of rape, no self-respecting woman would ever come forward in a court just to make a humiliating statement against her honour such as is involved in the commission of rape on her. The testimony of the prosecutrix in such cases is vital and unless there are compelling reasons, which necessitate looking for corroboration of her statement or where there are compelling reasons for rejecting of her testimony, there is no justification on the part of the court to reject her testimony.

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોક્સો એક્ટ) તથા
બીજા એડી. સેશન્સ જજ, પાલનપુર.

(૪૧) આરોપીએ જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતાં અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૮ અને ૧૨ મુજબનો ગુનો કરેલ છે કે કેમ તે નકકી કરવા સંબંધે સદર કાયદાની કલમ–૭ અને ૧૧ ધ્યાને લેવી જરૂરી જણાય છે, જે નીચે મુજબ છે.

<u>કલમ–૭ જાતિય–હુમલો</u> :–

જે કોઈપણ, જાતિય ઈરાદાથી કોઈપણ બાળકના યોનિ, શિશ્ન, ગુદા, અથવા છાતીને સ્પર્શે અથવા બાળકને આવી વ્યકિત અથવા અન્ય કોઈપણ વ્યકિતના યોનિ, શીશ્ન, ગુદા અથવા છાતીને સ્પર્શ કરાવે, અથવા જાતિય ઈરાદાથી અંગ–પ્રવેશ વિના અન્ય કોઈપણ પ્રક્રિયા ધ્વારા શારીરિક સંબંધ કરે તો તેને જાતિય હુમલો કરેલ કહેવાય

કલમ–૭ માં જણાવ્યા મુજબના કૃત્યની સજાની જોગવાઈ કલમ–૮ માં કરવામાં આવેલ છે ત્યારે સદર કલમ–૮ ધ્યાને લેવી જરૂર છે, જે નીચે મુજબ છે :

<u>**કલમ–૮ જાતિય સતામણી માટેની સજા :**</u>

જે કોઈપણ, જાતિય–હુમલો કરે તેને ઓછામાં ઓછી ત્રણ વર્ષની કેદની (બન્નેમાંથી કોઈપણ પ્રકારની) સજા કે જેને પાંચ વર્ષ સુધીના કોઈપણ સમયગાળા સુધી લંબાવી શકાય અને તે દંડને પાત્ર પણ ઠરશે.

<u>**કલમ–૧૧ જાતિય–સતામણી માટેની શિક્ષા**</u> :–

કોઈપણ વ્યકિત, કોઈ બાળક ઉપર જાતિય–સતામણી કરે છે તેવું કહેવામાં આવશે જયારે તેવી વ્યકિત જાતિય ઈરાદાથી :–

(૧) કોઈ શબ્દોનું ઉચ્ચરણ કરે અથવા કોઈ અજવા કરે અથવા કોઈ હાવભાવ કરે કે કોઈ વસ્તુ કે શરીરના કોઈપણ અંગનું ઈરાદાપુર્વક પ્રદર્શન કરે, કે જેથી બાળક તેવું ઉચ્ચરણ કે અવાજ સાંભળી શકે અથવા

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોકસો એકટ) તથા
બીજા એડી. સેશન્સ જજ, પાલનપુર.

એવો હાવભાવ કે વસ્તુ કે શરીરનો ભાગ જોઈ શકે : અથવા

(૨) કોઈ બાળકને તેના શરીર અથવા તેના શરીરના કોઈ અંગને પ્રદર્શન કરાવડાવે, જેથી તેને તેવી વ્યકિત અથવા કોઈ અન્ય વ્યકિત ધ્વારા જોવામાં આવે : અથવા

(૩) કામુક ઈરાદાઓ માટે કોઈ પ્રસાર અથવા મિડિયાના કોઈપણ સ્વરૂમાં કોઈ બાળકને કોઈ વસ્તુ દેખાડે : અથવા

(૪) કોઈ બાળકને સીધી રીતે અથવા ઈલેકટ્રોનિક, આંકડાકીય અથવા અન્ય કોઈ સાધનો ધ્વારા વારંવાર અથવા સતત પીછો કરે અથવા જુએ અથવા સંપર્ક કરે : અથવા

(૫) બાળકના શરીરના કોઈ ભાગ અથવા જાતિય કૃત્યોમાં બાળક સામેલ હોવાનું ઈલેકટ્રોનિક, ફિલ્મ અથવા આંકડાકીય અથવા અન્ય કોઈ પધ્ધતિ કે માધ્યમ ધ્વારા બાળકના વાસ્તવિક અથવા બનાવટી ચિત્રોને મિડિયાના કોઈપણ સ્વરૂમાં ઉપયોગ કરવાની ધમકી આપે : અથવા

(૬) અશ્લીલ કામુક પ્રયોજનો માટે કોઈ બાળકને કોઈ પ્રલોભન આપે, અથવા તે માટે ઉપહારો આપે.

સ્પષ્ટીકરણ : કોઈપણ પ્રશ્ન કે જેમાં ''જાતિય ઈરાદો'' સંકળાયેલ હોય તે હકીકત અંગેનો પ્રશ્ન રહેશે.

કલમ–૧૧ માં જણાવ્યા મુજબના કૃત્યની સજાની જોગવાઇ કલમ–૧૨ માં કરવામાં આવેલ છે ત્યારે સદર કલમ–૧૨ ધ્યાને લેવી જરૂર છે, જે નીચે મુજબ છે :

**કલમ–૧૨ જાતિય સતામણી માટેની સજા :**

જે કોઈ બાળક ઉપર જાતિય સતામણી કરશે, તેને ૩ વર્ષ સુધીની બેમાંથી કોઈપણ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે,

ઉપરોકત જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૭ અને ૧૧ અન્વયે ભોગબનનારનો પુરાવો જોવામાં આવે તો, ભોગબનનારે પોતાના પુરાવામાં આરોપી તેણીના કેબીન ઉપર આવી તેને રૂા. ૧૦૦/– આપી પાંચ દસ રૂપીયાની ખરીદી કરી બાકીના પૈસા ભોગબનનાર પાસે જ રહેવા દઇ તેણીના શરીરના ભાગે સ્પર્શ કરી જાતિય હુમલો કરી તેમજ ભોગબનનાર ઘરનું કામકાજ કરતી હોય ત્યારે પણ તેણીની સાથે ગંદા ગંદા ઈશારા કરી તેણીની સામે ફરી પેશાબ જેવી હરકતો કરી, તેમજ ભોગબનનાર તેણીના ઘરે એકલી હતી તે સમયે તેણીની એકલતાનો લાભ લેવા સારૂ ભોગબનનારના ઘરની ઓસરી સુધી પહોંચી જઇ અને ભોગબનનારના ઘરે ઓસરીમાં બાંધેલ કુતરો ભસતો ભોગબનનાર ઘરમાંથી બહાર જોવા આવતાં આરોપીને જોતાં તેણી ઘરની બહાર દોડીને નીકળી ગયેલ છે અને તે સમય દરમ્યાન આરોપીએ ભોગબનનારને તેમજ તેના મમ્મી પપ્પાને જાનથી મરાવી નાખવાની ધમકી આપેલી છે. ભોગબનનારના માતના પિતાએ પણ ભોગબનનારના પુરાવાને સમર્થન આપેલ છે. ત્યારે આરોપીએ ભોગબનનારની જાતિય સતામણી કરેલ હોવાનું સ્પષ્ટપણે પુરવાર થાય છે.

(૭૨) ઉપરોકત કરેલ ચર્ચા અન્વયે ભોગબનનાર, ભોગબનનારના માતા પિતા, ત.ક.અધિકારી તેમજ પંચ સાહેદોનો પુરાવો એકસાથે વાંચતાં આરોપીએ ભોગબનનાર સાથે બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ–૭૫(૧)(૧)(૨), ૩૫૧(૩) તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતાં અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૮ અને ૧૨ મુજબનો ગુનો આચરેલ હોવાનું ફરિયાદપક્ષ ધ્વારા નિ:શંક પણે પુરવાર કરવામાં આવેલ હોવાનું સ્પષ્ટ થઇ આવે છે.

(૪૩) બચાવપક્ષે આંક. ૪૨ થી ત.ક.અધિકારી ડો. જીગ્નેશકુમાર જીતેન્દ્ભાઇ ગામીતને તપાસી આંક. ૪૩ થી ૪૯ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરી, આરોપીએ ભોગબનનારના માતા–પિતા સામે માર માર્યા અંગેની તેમજ એટ્રોસીટી અંગેની ફરિયાદ કરેલી અને તે કેસમાં સમાધાન માટે દબાણ લાવવા સારૂ હાલની ખોટી ફરિયાદ કરેલ હોવાનો બચાવ લેવામાં આવેલ છે. આ કામે આંક. ૪૩ થી રજુથયેલ એફ.આઇ.આર. ની નકલ જોવામાં આવે તો, સદર ફરિયાદ તા. ૦૯/૦૨/૨૦૨૫ ના રોજ કલાક ૧૦–૩૦ વાગ્યે છાપી પો.સ્ટે. માં ભોગબનનારના મમ્મી–પપ્પા વિરૂધ્ધ ભોગબનનારના ઘરે આવેલ કુતરુ આરોપીને કરડેલ અને આરોપીએ કુતરાને માર મારેલ હોય જે અંગે ભોગબનનારના માતા પિતાએ આરોપીને માર મારેલ હોવા અંગેની તથા જાતિય અપમાનીત શબ્દો બોલેલ હોવા અંગેની ફરિયાદ હાલના કામના આરોપીએ આપેલી છે. હવે હાલના કામનો બનાવ જોવામાં આવે તો, તા. ૦૯/૦૨/૨૦૨૫ ના કલાક ૯–૩૦ થી ૧૦–૦૦ દરમ્યાન બનેલો છે અને આરોપી ભોગબનનારની એકલાતનો લાભ લઇ ભોગબનનારના ઘરની ઓસરી સુધી ગયેલો છે તે દરમ્યાન ભોગબનનારના ઘરની ઓસરીમાં બાંધેલ કુતરો ભસવા લાગેલ અને કુતરાના ભસવાનો અવાજ સાંભળી ભોગબનનાર ઘરમાંથી બહાર આવી જોયેલ તો આરોપી તેણીના ઘરની ઓસરી સુધી આવી ગયેલ હોય જેથી ભોગબનનાર ગભરાઇ જઇ ઘરની બહાર નીકળી ગયેલ છે ત્યારે આરોપીએ ''હું તારા ઘરે આવેલ છું તેવી વાત તારા મમ્મી પપ્પાને કહેતી નહી અને તેમને જાનથી મારી નાંખવાની ધમકી આપેલી, ત્યારબાદ ભોગબનનાર કોઇ અજાણ્યા માણસના ફોનથી તેણીના મમ્મી પપ્પાને ફોન કરી બનાવ અંગેની વાત કરેલ હોય, જેના કારણે આરોપીએ ખોટો બનાવ ઉભો કરી આ બનાવ બન્યા બાદ છાપી પો.સ્ટે. માં

ભોગબનનારના માતા પિતા સામે મારા માર્યાની અને એટ્રોસીટી અંગેની ફરિયાદ ૧૦–૩૦ વાગ્યે આપેલી છે. આમ, પોતાના ઉપરના ગુન્હામાંથી બચવા માટે આરોપીએ ભોગબનનારના મમ્મી પપ્પા સામે ખોટી ફરિયાદ કરેલ હોવાનું સ્પષ્ટ રીતે જણાય આવે છે. આમ, આરોપીપક્ષની દલીલ કે આરોપીએ ભોગબનનારના માતા પિતા સામે માર મારેલ હોવા અંગે તેમજ એટ્રોસીટી અંગેની ફરિયાદ કરેલ હોય અને તેમાં સમાધાન કરવા અને દબાણ લાવવા સારૂ હાલની ખોટી ફરિયાદ કરેલ હોવાની દલીલ ગ્રાહ્ય રાખવા પાત્ર જણાતી નથી. વધુમાં, ફરિયાદપક્ષ તથા આરોપીપક્ષનાઓને કોઇ જુની અદાવત હોય તેવું પણ લઇ આવેલ નથી કે આવો કોઇ બચાવ સ્પષ્ટ પુરાવાથી પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના એરણ ઉપર પુરવાર કરી શકેલ નથી, ત્યારે બચાવપક્ષના વિ. વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ દલીલો કે બચાવ ગ્રાહ્ય રાખવા પાત્ર ન હોઇ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

(૪૪) વધુમાં, સમગ્ર બનાવ જોઇએ તો ભોગબનનાર કે જે સગીર વયની હતી તેની એકલતાનો લાભ લેવા સારૂ આરોપીએ પ્રયત્ન કરેલા છે અને તેણીના શરીર ઉપર સ્પર્શ કરી હાથ ફેરવેલ છે તેમજ ગંદા ગંદા ઇશારા કરી ભોગબનનાર સામે ફરી પેશાબ જેવી હરકતો કરેલ છે અને ભોગબનનારની એકલતાનો લાભ ઉઠાવવાની કોશીષ કરેલી છે. આમ, આરોપી કે જેને કોઇ કાયદાનો ડર નથી અને એક સગીર વયની બાળકી કે જેની ઉંમર નાચવા, કુદવા,ભણવા, હસવા, બોલવા માટેની હોઇ તેનું સ્વતંત્ર રીતે જીવન તેણી જીવી શરતી નથી. સમાજમાં તેણી ડર સિવાય બહાર નીકળી શકતી નથી. આટલી ક્રૂરતા આટલો ડર ભારત દેશમાં સગીર બાળકીઓ ઉપર કે કોઇપણ સ્ત્રી ઉપર આચરવામાં ન આવે તે માટે આવો સખત કાયદો ઘડવામાં આવેલ છે. એક ૧૮ વર્ષથી નીચેની સગીર વયની બાળકી તેનું જીવન આનંદમય રીતે,

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોકસો એકટ) તથા
બીજા એડી. સેશન્સ જજ, પાલનપુર.

સ્વતંત્ર રીતે ખુશીથી જીવે તે પણ ભારતના બંધારણે ખાતરી આપેલ છે અને તેના કારણે જ આવા પ્રકારના કાયદા ભારત સરકાર લાવેલ છે. વધુમાં, પોકસો એકટની કલમ–૨૯ અને ૩૦ મુજબ પ્રિઝમશનનો લાભ પણ પ્રોસીકયુશનની તરફેણમાં રહે છે. આરોપીની હાજરી અંગે કોઇ યોગ્ય ખુલાસો પણ આરોપીપક્ષ તરફે કરવામાં આવેલ ન હોય ત્યારે પોકસો એકટનું પ્રીઝમશન કલમ–૨૯ અને ૩૦ મુજબ આરોપી રીબર્ટ કરી શકયા નથી અને આરોપીએ પોકસો એકટની કલમ–૭–૮ અને ૧૧–૧૨ મુજબ તથા બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ–૭૫(૧)(૧)(૨), ૩૫૧(૩) મુજબનો ગુન્હો કરેલ છે તેવું સ્પષ્ટપણે પુરવાર થાય છે.

(૭૫) આમ, ઉપરોકત તમામ સંજોગો ધ્યાને લેતાં, ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધ **બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ–૭૫(૧)(૧)(૨), ૩૫૧(૩) તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતાં અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૮ અને ૧૨** અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને તેથી મુદા નં. ૨ નો નિર્ણય " **હકાર**" માં આપવામાં આવે છે. આરોપીને ઉપરોકત ગુન્હાઓ સબબ તકસીરવાન ઠરાવેલ હોય, બી.એન.એસ.એસ. ની કલમ–૨૫૮(૨) અન્વયે સજા અંગે પક્ષકારોને સાંભળવા માટે કામ મુલત્વી રાખવામાં આવે છે.

મુકામ : પાલનપુર
તારીખ : ૩૦/૦૩/૨૦૨૬

**(અમિત જે. કાનાણી)**
સ્પેશ્યલ (પોકસો) અને
બીજા એડીશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા–પાલનપુર
(કોડ નં. જી.જે.૦૦૬૬૨)

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોકસો એકટ) તથા
બીજા એડી. સેશન્સ જજ, પાલનપુર.

**<u>બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૨) હેઠળ સજા અંગે સાંભળવા માટે</u> :–**

(૪૬) સજા કરતાં અગાઉ આરોપી તરફે વિ. વકીલ શ્રી એન.બી. રાજગોર તથા આરોપીને તથા ફરિયાદપક્ષે વિ. એડી.પી.પી. શ્રી ડી.એચ. છાપીયાને સાંભળ્યા.

(૪૭) આરોપી તરફે વિ. વકીલશ્રી એન.બી. રાજગોર ધ્વારા રજુઆત કરવામાં આવેલ છે કે, આરોપી ગરીબ મજુર વર્ગના ઈસમ છે અને તેઓએ ગુના બદલ ખુબજ પસ્તાવો વ્યકત કરેલ છે. તેમનો આ પ્રથમ ગુનો છે.તેમના કુટુંબના ભરણપોષણની જવાબદારી આરોપી ઉપર છે. આરોપી પર વર્ષની ઉંમરના છે અને બીમાર રહે છે. જેથી સદર હકીકત ધ્યાને લઈ ઓછામાં ઓછી સજા કરવા અને ઓછામાં ઓછો દંડ કરવા વિનંતી કરેલ છે.

(૪૮) બનંપક્ષના વિદ્યવાન વકીલશ્રીઓને સજા અંગે સાંભળ્યા તથા બંનેપક્ષોના વિ.વકીલશ્રીઓ ધ્વારા કરવામાં આવેલ રજુઆત ધ્યાને લીધી. આરોપી કે જેને કોઈ કાયોદાનો ડર નથી અને એક સગીર વયની બાળકી કે જેની ઉંમર નાચવા, કુદવા, ભણવા, હસવા, બોલવા માટેની હોઈ તેનું સ્વતંત્ર રીતે જીવન તેણી જીવી શકતી નથી. સમાજમાં તેણી ડર સિવાય બહાર નીકળી શકતી નથી. ભોગબનનાર પોતાના ઘરે એકલી હતી અને તેના માતા પિતા લગ્ન પ્રસંગમાં ગયેલ હતા તે દરમ્યાન આરોપીએ ભોગબનનારની એકલાતનો લાભ લેવા સારૂ ભોગબનનારના ઘરની ઓસરી સુધી ગયેલો છે અને તે દરમ્યાન ઓસરીમાં બાંધેલ કુતરો ભસતો અને ભોગબનનાર કુતરાનો અવાજ સાંભળી ઘરની બહાર આવતાં આરોપીને જોતાં તેણી ગભરાઈ ગયેલ છે અને ઘરની બહાર દોડી ગયેલ છે અને તે સમયે પણ આરોપીએ ધમકી આપી તેણીના માતા પિતાને બનાવની હકીકત નહી જણાવવા માટે કહેલ છે. તેમજ અગાઉ પણ આરોપી ભોગબનનાર તેની

દુકાને એકલી બેઠેલી હોય ત્યારે રૂા. ૧૦૦/- ની નોટ આપી પાંચ છ રૂપીયાની વસ્તુ ખરીદી બાકીના પૈસા ભોગબનનાર આરોપીને પરત આપવા જતાં પરત લેતા નહી અને ભોગબનનારને આપી દેતા અને તે બહાને ભોગબનનારના શરીરે હાથ ફેરવી તેણીની છેડતી કરતા અને ભોગબનનાર કહેવા જતાં તેણીને ધમકી આપતા હતા. આટલી ક્રૂરતા આટલી ડર ભારત દેશમાં સગીર બાળકીઓ ઉપર કે કોઈપણ સ્ત્રી ઉપર આચરવામાં ન આવે તે માટે આવો સખત કાયદો ઘડવામાં આવેલ છે. એક ૧૮ વર્ષથી નીચેની સગીર બાળકી તેનું જીવન આનંદમય રીતે, સ્વતંત્ર રીતે ખુશીથી જીવી શકે તે માટે ભારતના બંધારણે ખાતરી આપેલ છે અને તેના કારણે જ આવા પ્રકારના કાયદા ભારત સરકાર લાવેલ છે. સગીર બાળકીઓ/બાળકો વિરૂધ્ધના ગુન્હાઓ જે રીતે વધી રહ્યા છે ત્યારે અત્રેના કેસમાં ઓછામાં ઓછી સજા ફરમાવવી મુનાસીફ જણાતું નથી. સાથોસાથ આરોપીની ઉંમર તેમજ સમગ્ર પરિસ્થિતિને ધ્યાનમાં લઈ આરોપીએ કરેલ ગુન્હાની ગંભીરતા, બનાવ જે સંજોગોમાં બનેલ છે તે સંજોગો તેમજ બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ-૭૫(૧)(૧)(૨), ૩૫૧(૩) તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતાં અધિનિયમ, ૨૦૧૨ ની કલમ- ૮ અને ૧૨ મુજબના ગુન્હાની સજાની જોગવાઈઓ તેમજ રેકર્ડ ઉપરનો પુરાવો જોતાં ભોગબનનારને વળતર અંગેનો કોઈ હુકમ કરવાનું વ્યાજબી જણાતું નથી, જેથી મુદ્દા નં. ૩ સજા અંગે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## -:: <u>આખરી હુકમ</u> ::-

૧. આ કામના આરોપી **કિર્તીભાઈ વીરાભાઈ સોલંકી,** રહે. માલોસણા, તા. વડગામ, જિ. બનાસકાંઠા વાળાઓને **બી.એન.એસ.એસ.ની કલમ- ૨૫૮(૨)** અન્વયે **બી.એન.એસ.**

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોકસો એક્ટ) તથા
બીજા એડી. સેશન્સ જજ, પાલનપુર.

**ની કલમ ૭૫(૧)(૧)(૨)** મુજબના ગુન્હા માટે તકસીરવાન ઠરાવી **૨ (બે)** વર્ષની કેદની સજા તથા **રૂા. ૧૦,૦૦૦/–** (અંકે રૂપીયા દસ હજાર પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે, જો દંડની રકમ આરોપી ના ભરે તો વધુ **૧ (એક)** માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામના આરોપી **કિર્તીભાઈ વીરાભાઈ સોલંકી,** રહે. માલોસણા, તા. વડગામ, જિ. બનાસકાંઠા વાળાઓને **બી.એન.એસ.એસ.ની કલમ– ૨૫૮(૨)** અન્વયે **બી.એન.એસ. ની કલમ ૩૫૧(૩)** મુજબના ગુન્હા માટે તકસીરવાન ઠરાવી **૨ (બે)** વર્ષની કેદની સજા તથા **રૂા. ૧૦,૦૦૦/–** (અંકે રૂપીયા દસ હજાર પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે, જો દંડની રકમ આરોપી ના ભરે તો વધુ **૧ (એક)** માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૪. આ કામના આરોપી **કિર્તીભાઈ વીરાભાઈ સોલંકી,** રહે. માલોસણા, તા. વડગામ, જિ. બનાસકાંઠા વાળાઓને **જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતાં અધિનિયમ, ૨૦૧૨ ની કલમ – ૮** ના ગુન્હા માટે તકસીરવાન ઠરાવી **કલમ–૧૨** અન્વયે **૩ (ત્રણ)** વર્ષની કેદની સજા તથા **રૂા. ૨૦,૦૦૦/–** (અંકે રૂપીયા વીસ હજાર પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે, જો દંડની રકમ આરોપી ના ભરે તો વધુ **૨ (બે)** માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૬. આરોપીએ કુલ દંડની રકમ **રૂા. ૪૦,૦૦૦/–** (અંકે રૂપીયા ચાલીસ હજાર પુરા જમા કરાવ્યેથી સદર દંડની રકમ ભોગબનનારને ચુકવી આપવી.

૭. બી.એન.એસ.એસ. ની કલમ–૪૬૭ મુજબ આરોપીએ ઉપરોકત તમામ સજાઓ એકીસાથે ભોગવવાની રહેશે.

૮. બી.એન.એસ.એસ. ની કલમ–૪૬૮ મુજબ આરોપી કાચા કામનાં કેદી તરીકે જેટલો સમય જેલમાં રહેલા છે તેટલો સમય સજામાંથી મજરે આપવો.

૯. બી.એન.એસ.એસ. ની કલમ–૪૦૪(૧) મુજબ આરોપીને આ

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોક્સો એક્ટ) તથા
બીજા એડી. સેશન્સ જજ, પાલનપુર.

હુકમની એક નકલ તાત્કાલિક વિના મૂલ્યે આપવી.

આ હુકમ આજરોજ તા. **૩૦મી**, માહે – **માર્ચ ,** સને – **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખ : ૩૦/૦૩/૨૦૨૬<br>સ્થળ : પાલનપુર. | **(અમિત જે. કાનાણી)**<br>સ્પેશ્યલ (પોકસો) અને<br>બીજા એડીશનલ સેશન્સ જજ**,**<br>બનાસકાંઠા – પાલનપુર<br>(યુનિક આઇ.ડી.નં.જીજે૦૦૬૬૨) |

/**RAVAL**/

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોકસો એક્ટ) તથા
બીજા એડી. સેશન્સ જજ, પાલનપુર.